7. Lavout principles : (a) Classification of goods and services as to customer demand: impuls, stape, fixed. (b) Customer traffic (c) Customer convenience. (d) Fersonnel convenience. (e) Special situations.

8. Fixtures and equipment : (a) Financing. (b) Legal aspect. (c) Architectural considerations.

9. Buying a pharmacy : (a) Determination of the value, evaluation of assets method, capitalisation of earnings method, projected operating statement method. (b) Reasons why pharmacies may be over-evaluated (as examples): inflated profit owing to failure of owner worker to draw sufficient salary, failure of business to charge rent for building owned by pharmacy proprietor, failure to depreciate stock and capital equipment adequately: overvaluation of good will and prescription of files; failure to analyse the type and the origin of good will, other errors of evaluation. (c) Legal aspects.

10. Selecting and acquiring the merchandise stock; (a) Initial stock (b) Sources of supply. (c) Principles of purchasing; selection of stock to be carried; selection of sources of supply, ideal quantity to be purchased. terms of purchase, buying merchandise than discounts, relation to turn over.

11. Receiving, marking and arranging the stock; (a) Routines for receiving and checking. (b) Code marking systems. (c) Principles of shelf arrangement of stock.

12. Pricing : (a) Componants of the price merchandise; prescriptions. (b) Mark up and markdown procedures. (c) Resale price agreements and laws.

13. Personnel : (a) Number and classification of employees. (b) Standards for selection (c) Methods of selection. (d) Employment contract. (e) Training and store rules. (f) Assignment of duties, (g) Supervision, (n) Evaluation of service. (i) Remuneration forms. (j) Relations with trade and professional unions, and other forms of collective bargaining. (k) Personnel problems; individual: collective.

14 Insurance : (a) Principles. (b) Advisability of adequate coverage (c) Types required and needed by the pharmacist.

15 Competition : (a) Competition in a capitalistic economy. (b) Incide competition : brand competition : use competition; Inter-department competition. (c) Outside competition; other pharmacies; competition for certain pharmacy departments (examples, economic dispensing by practitioners vs. professional dispensing, stationery store or shop): economic competition for the consumer's dollars. (d) Meeting competition.

16 Personal selling.

17 Operating costs : (a) Need for adequate knowledge. (b) Current and comparative figures and averages : sources of information; interpreting and evaluating percentage figures. (c) Use of ratios as management guides.

18 Budgeting : (a) Purchases, (b) Sales, (c) Expenses, (d) Financial.

19 Stock control : (a) As an aid to management. (b) Types : departmentiration, inventory (fiscal and perpetual; advisability of perpetual inventory for bigh priced and legally controlled items only) budget.

20 Agency and voluntary chain membership: (a) Competition, semimonopoly, profit and other factors as influencing choice. (b) Personal factors.

21 Own-label merchandise : (a) Reasons for creating own label merchandise; exercise of professionalism and pharmacy prerogative; a method of demand control; availability of margin usually going to manufacturer, middleman, and retailer. (b) Problems : technical manufacturing problems; governmental regulation; product liability

22 Other policies : (a) Hours and days of operation. (b) Services and free services. (c) Complaints and adjustments. (d) Credit and collection. (e) Promotion policies and standards. (f) Rules intended to prevent dishonest practices. (g) Markdown sales.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલની સત્તાવીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ગુરૂવાર તા. ૨૩-૮-૧૯૫૬ ના રોજ બપોરના ૧૨-૩૦ થી ૨-૩૦ સુધી ઉપકુલપતિશ્રી હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયાના પ્રમુખસ્થાને તથા બપોરના ૨-૩૦ થી ૪-૩૦ સુધી ડૉ. એમ ડી. અવસારેના પ્રમુખસ્થાને તેમજ તા. ૨૪-૮-૧૯૫૬ ને શુક્રવારના રોજ પણ ઉપરોકત સભા ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયાના પ્રમુખસ્થાને મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૨૩-૮-૫૬	તા. ૨૪-૮-૫૬
૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયા ઉપકુલપતિ	હાજર,	હાજર,
૨.	શ્રી. કંચનલાલ ચં પરીખ રજિસ્ટ્રાર	હાજર,	હાજર,
૩.	શ્રી. રસિકલાલ સી. પરીખ	ગેરહાજર,	ગેરહાજર,
૪.	ડૉ. એમ. ડી. અવસારે	હાજર,	હાજર,
૫.	પ્રિન્સિ. એસ. વી. સી. આચ્યા	હાજર,	ગેરહાજર,
૬.	પ્રિન્સિ. ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર	ગેરહાજર,
૭.	શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર,	ગેરહાજર,

		તા. ૨૩-૮-૫૬	તા. ૨૪-૮-૫૬
૮.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,	હાજર,
૯.	શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય	હાજર,	હાજર,
૧૦.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	હાજર,	હાજર,
૧૧.	પ્રોફેસર બી. આર. શેનોય	ગેરહાજર,	ગેરહાજર,
૧૨.	પ્રોફેસર પુ. જે. બોપી	હાજર,	હાજર,
૧૩.	પ્રોફેસર વી. આર. ત્રિવેદી	ગેરહાજર,	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિ. જી. આર. કોટવાલ	હાજર,	ગેરહાજર,
૧૫.	પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ	હાજર,	હાજર,
૧૬.	પ્રિન્સિ. કે. એલ દેસાઈ	હાજર,	ગેરહાજર,
૧૭.	પ્રિન્સિ. એન. એન. ભરૂચા	હાજર,	હાજર,
૧૮.	શ્રી. બી. કે. મહેતા	ગેરહાજર,	હાજર,
૧૯.	પ્રોફેસર સી. જે. પટેલ	હાજર,	હાજર,
૨૦.	પ્રિન્સિ. અ. ક, ત્રિવેદી	ગેરહાજર,	ગેરહાજર,
૨૧.	પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	હાજર,	હાજર,
૨૨.	પ્રિન્સિ. વાય. પી. શુકલ	હાજર,	હાજર,
૨૩.	ડૉ. વાય. જી. નાયક	હાજર,	હાજર,
૨૪.	પ્રિન્સિ. ડૉ. આર. ડી. દેસાઇ	હાજર,	હાજર,
૨૫.	પ્રિન્સિ. એસ. વી. શાહ	હાજર,	ગેરહાજર,
૨૬.	શ્રી. એસ. એમ. શાહ	હાજર,	હાજર,
૨૭.	પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર,	ગેરહાજર,
૨૮.	શ્રી. જી. બી. ઓઝા	હાજર,	હાજર,
૨૯.	પ્રિન્સિ. જી. એસ. દેસાઇ	હાજર,	હાજર,
૩૦.	પ્રોફેસર કે. વી. કાર્ડિલે	હાજર,	ગેરહાજર,
૩૧.	પ્રોફેસર આર. એમ. પટેલ	ગેરહાજર,	ગેરહાજર,
૩૨.	શ્રી. બકુભાઇ એચ. દેસાઇ	હાજર,	ગેરહાજર,
૩૩.	પ્રિન્સિ. ડૉ. જી. વી. બર્વે	હાજર,	હાજર,
૩૪.	ડૉ. એન. આર. દેસાઇ	ગેરહાજર,	ગેરહાજર,
૩૫.	પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ	હાજર,	હાજર,
૩૬.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત	હાજર,	ગેરહાજર,

		તા. ૨૩-૮-૫૬	તા. ૨૪-૮-૫૬
૩૭.	પ્રિન્સિ. એસ. સી. પાઠક	હાજર,	હાજર,
૩૮.	પ્રોફેસર જી. આર. દેસાઈ	હાજર,	ગેરહાજર,
૩૯.	ડૉ. પી. એમ. મહેતા	હાજર,	ગેરહાજર,
૪૦.	પ્રિન્સિ. જે. બી. સાણ્ડિલ	હાજર	હાજર,
૪૧.	ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર,	ગેરહાજર,
૪૨.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર,	ગેરહાજર,

૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૬-૧૯૫૬ ના રોજ મળેલી છવ્વીસમી સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૬/૧૭-૬-૧૯૫૬ ના રોજ મળેલી ઍકેડેમિક કાઉન્સિલની છવ્વીસમી બેઠકની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી.

૨. ૧૯૫૬ ના બીજા છ માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણુક માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા સમિતિની ભલામણો કેટલાક ફેરફાર સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. પોસ્ટ-ઇન્ટરમિડિયેટ કક્ષાના વર્ગો માટેના પાઠયપુસ્તકો ગુજરાતીમાં લખવા માટે જે વ્યક્તિઓ તૈયાર થાય તેમને પ્રોત્સાહન મળે તે માટે ઇનામ અથવા તો મદદ કયા પ્રકારે આપવી તે અંગે ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર ઍકેડેમિક કાઉન્સિલે જે સમિતિ નીમી છે તેના ઉપર સિન્ડિકેટે પોતાના પ્રતિનિધિ નીમવા બાબત ઍકેડેમિક કાઉન્સિલે ભલામણ કરેલી તે અંગે સિન્ડિકેટનો નીચે જણાવેલો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવું અને બધી ફૅકલ્ટીઓમાં ઇનામો અને ઉત્તેજન કેવી રીતે આપવું તે બાબતની યોજના રજૂ કરવા જણાવવું."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ સિદ્ધાંતની દૃષ્ટિએ સિન્ડિકેટના ઠરાવની તરફેણમાં છે તથા આ અંગે યોજના રજૂ કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની સંયુક્ત સમિતિ નીમવી. આ સંયુક્ત સમિતિમાં ઍકેડેમિક કાઉન્સિલ તરફથી બધી ફૅકલ્ટીઓના ડીન તથા વિનયન વિભાગની પરિભાષા સમિતિના પ્રમુખ પ્રિન્સિપલ અ. ક.

૨૭/૨૪-૮-૧૯૫૬

ત્રિવેદી તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા સમિતિના પ્રમુખ પ્રિન્સિ. ડૉ. આર. ડી. દેસાઇની નિમણૂક કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે આ બાબત અૅકેડેમિક કાઉન્સિલને રિફરન્સ કરેલી હતી એટલે તેની ભલામણ માટે તે ફરીથી મોકલવી અને જણાવવું કે અૅકેડેમિક કાઉન્સિલે સુચવેલ સમિતિ પર જે સભ્યો નીમેલા છે તેમાં સિન્ડિકેટના પણ બે સભ્યોનો સમાવેશ થઇ જાય છે એટલે આ વિષે સિન્ડિકેટ નવા સભ્યો નીમવાની જરૂર જોતી નથી એમ જણાવી અૅકેડેમિક કાઉન્સિલને ઇનામો આપવાની યોજના રજૂ કરવા માટે ફરીથી જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે તમામ ફૅકલ્ટીઓના ડીન તથા વિનયન વિભાગની પરિભાષા સમિતિના પ્રમુખ પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા સમિતિના પ્રમુખ પ્રિન્સિ. ડૉ. આર. ડી. દેસાઇની બનેલા સમિતિને યોજનાનો મુસદ્દો તૈયાર કરવા જણાવવું.

૫. એસ.એસ.સી. પાસ થઇને કૉલેજમાં દાખલ થવા માંગનાર વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી ઉંમરની મર્યાદા મૂકવી કે કેમ તે પ્રશ્ન સિન્ડિકેટે અૅકેડેમિક કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે મોકલ્યો હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં હાલને તબક્કે ઓછામાં ઓછી ઉંમરની મર્યાદા મૂકવાની જરૂર અૅકેડેમિક કાઉન્સિલને જણાતી નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

૬. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા, બર્મા અને સિલોનની પટના ખાતે જાન્યુઆરી ૧૯૫૫માં મળેલી બેઠકના ઠરાવ નં. IV (1, 2 & 3), V (2), VI (2 & 3) ઉપર ઘટતાં પગલાં લેવા બાબત તથા ઠરાવ નં VI (1) and VIII ઉપર અભિપ્રાય આપવા બાબતના મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલો પત્ર અને તે ઉપરનો સિન્ડિકેટનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામ અૅકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવું"

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પરત્વે યુનિવર્સિટીએ ઘડેલા સ્ટેટ્યુટની નકલ ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા, બર્મા અને સિલોનને મોકલી આપવી.

૭. ફર્સ્ટ ઇયરમાં હાલ "એ", "બી" અને "સી" એમ ત્રણ ગ્રુપ છે પરંતુ ગ્રુપ "સી" કે જેમાં આર્ટ્સ અને સાયન્સના વિષયોનો ભેગો અભ્યાસક્રમ છે તે ગ્રુપ કોઇપણ

કૉલેજ શીખવતી નથી અને માત્ર પ્રોવીઝન રેગ્યુલેશન ૮ માં રાખેલું છે તેથી તે ચાલુ રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયરમાંથી "સી" ગ્રુપની જોગવાઈ રદ કરવા ઘટતાં પગલાં લેવાં.

(આથી ઍા. ૧૬૩ અને ૧૯૩ તથા રે. ૮ અને ૯ માં થતા સુધારાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૮. દરેક ફૅકલ્ટીના ડીગ્રી કલાસીસમાં હિન્દીનું ફરજિયાત શિક્ષણ આપવું કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરમિડિયેટના વર્ગથી આગળના વર્ગોમાં હિન્દીનું ફરજિયાત શિક્ષણ દાખલ કરવું નહિ.

૯. સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હી તરફથી પી.એચ.ડી. ડીગ્રી અને તે ઉપરની સંશોધન કાર્ય અંગેની ડીગ્રીઓ બાબતમાં એક સુત્રતા જળવાઇ રહે એ હેતુથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટીઓની વિચારણા માટે કરેલી કેટલીક ભલામણો પર વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઘટતા નિયમો કરવા આ કામ ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવું."

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે પી.એચડી. અને તે ઉપરની સંશોધન કાર્યની ડીગ્રી બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણો નીચે પ્રમાણેના ફેરફાર સહિત બધી ફૅકલ્ટીઓ માટે સ્વીકારવી એવો ઍકેડેમિક કાઉન્સિલનો અભિપાય છે, એમ સિન્ડિકેટને જણાવવું.

1. A candidate be admitted to Ph. D. or other Doctorate course only after proper scrutiny and test, including viva-voce, of adequate general knowledge in his or her special field of study.

   Note:- The guide shall be the sole judge in the matter of scrutiny and test.

2. There shall be two external examiners and one internal examiner of the thesis submitted for a Ph. D. or other Doctorate Degrees.

3. The candidate be recommended for the degree if the majority of the examiners so opines.

4. The degree be awarded only after a searching oral test by at least two examiners one of whom shall be an internal examiner.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલને તબકકે ઍકેડેમિક કાઉન્સિલ માત્ર અભિપ્રાય જ વ્યકત કરે છે. સિન્ડિકેટની મંજૂરી બાદ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન આ અભિપ્રાય સ્વીકારે તે પછી જરૂરી નિયમોનો મુસદ્દો ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવો

(નોંધ:– આ બાબતની પેટા કલમ ત્રણ પરની ચર્ચા અને નિર્ણય થયા પછી ઉપકુલપતિશ્રીને એક અગત્યનાં કારણુસર જવું પડેલું હોવાથી શ્રી. જી. આર. દેસાઇની દરખાસ્ત અને ડૉ. વાય જી. નાયકના ટેકાથી સભાનું પ્રમુખસ્થાન પહેલા દિવસના બાકીના કામકાજ પૂરતું સાયન્સ ફૅકલ્ટીના ડીન ડૉ. મ. દ. અવસારેએ લીધું હતું.)

બાબત નં. ૧૦ અને અને ૧૫ની સાથે વિચારણા કરવામાં આવી હતી,

૧૦. ઍા. ૧૬૦ પ્રમાણે જો વિદ્યાર્થી ફર્સ્ટ બયર ગ્રુપ "એ" અથવા "બી" માંથી "બી" અથવા "એ" માં જવા માંગતો હોય તો તે નવા ગ્રુપ માટે સ્ટે ૧૭૩ માં જણાવેલી લાયકાત ધરાવતો હોવો જોઇએ એમ સિન્ડિકેટે તેની તા. ૨–૭–૧૯૫૫ની બેઠકમાં ઠરાવ્યું છે પરંતુ ઍા. ૧૬૧ પ્રમાણે કોઈ વિદ્યાર્થી ફર્સ્ટ બયર કૉમર્સમાંથી ફર્સ્ટ બયર ગ્રુપ "એ", "બી" અથવા "સી" માં જવા માગતો હોય તો તેવી લાયકાત ધરાવતો હોવો જોઇએ કે નહિ તે અંગે નિર્ણય કરેલો નથી તો ઍા. ૧૬૦ અને ઍા. ૧૬૧ માં નીચે મુજબનો પેરેગ્રાફ ઉમેરી સુધારો કરવા બાબત.

"Provided that students seeking change to any of the Groups must satisfy the requirements of Statute 173 for admission to the group concerned."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૧૬૦ અને ૧૬૧ માં ફેરફાર કરવા માટેનો કાર્યાલયનો પ્રસ્તાવ ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવો."

અને

૧૫. યુનિવર્સિટી હેન્ડબુક ભાગ ૨ માં ફર્સ્ટ ઇયરના અભ્યાસક્રમને લગતી અસંબદ્ધતા દૂર કરવા ઑર્ડિનન્સ નં. ૧૫૬, ૧૬૦ અને ૧૬૧ માં શાબ્દિક ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:– આપણી યુનિવર્સિટીમાં એફ.વાય. આર્ટ્સ, એફ.વાય. સાયન્સ, એફ.વાય. કૉમર્સ અને એફ.વાય. (એગ્રિ.) એ પ્રમાણે જુદી જુદી ફૅકલ્ટીઓનાં અભ્યાસક્રમો છે, અને તેથી ફર્સ્ટ ઇયર કોર્સ આ ચારે ફૅકલ્ટીઓમાં જુદો જુદો છે. આ યુનિવર્સિટી સ્થપાઇ તે પહેલાં મુંબઇ

યુનિવર્સિટીમાં એફ.વાય. આર્ટ્સ, એફ.વાય. સાયન્સ અને એફ.વાય. (એગ્રિ.) માટે common હતો અને તેથી ફર્સ્ટ ઇયરના અભ્યાસક્રમમાં (a), (b) અને (c) એમ ગ્રુપો હતાં.

આપણી હેન્ડબુકમાં પણ ફર્સ્ટ ઇયર કોર્સીઝમાં હજી તે પ્રમાણે જ ચાલુ રહે છે અને તેથી F.Y. (a) Group એટલે ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને F.Y. (b) Group એટલે ફર્સ્ટ ઇયર સાયન્સ એમ માની લઇ ચલાવવામાં આવે છે. ફર્સ્ટ ઇયર (એગ્રિ.) માટે હવે નવા અભ્યાસક્રમમાં જુદી જ જોગવાઇ છે અને F.Y. (c) Group ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોઇપણ કૉલેજમાં શીખવવામાં આવતું નથી)

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑ. ૧૬૦ અને ૧૬૧ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિનન્સ ૧૫૯, ૧૬૦ અને ૧૬૧ તથા ઑર્ડિનન્સ ૧૫૯–એ. અને ૧૬૦-એ. મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિનન્સોની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૧. એગ્રિકલ્ચરના નવા અભ્યાસક્રમ અંગેનો ઑ. ૨૦૪–બી. પસાર થતાં ઑર્ડિનન્સ ૧૫૮ સાથે સુસંગતા જળવાતી નહોતી તેથી ઑર્ડિનન્સ ૧૫૮ માં તે પ્રમાણે સુધારો કરવા બાબતની પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. પટેલની સૂચના ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સિન્ડિકેટે મંજૂર કરી હોવાથી તે પ્રમાણે સુધારેલો ઑ. ૧૫૮.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૧૫૮ માં સુધારો કરવા માટેની પ્રિન્સિ. ડૉ. એમ. ડી. પટેલની સૂચના સ્વીકારવી તથા ઑર્ડિનન્સમાં જરૂરી ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઓર્ડિનન્સ નં. ૧૫૮ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલો ઑ. ૧૫૮ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૨. આયુર્વેદિક કૉલેજ, જામનગરને બી.એમ.એસ.એ. ના અભ્યાસક્રમ અંગે જોડાણ આપવા બાબતની અરજી અને તે ઉપરનો સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ.

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Ayurvedic College, Jamnagar, be granted affiliation leading to the first examination

of B. M. S. A. for a period of 18 months from 20th June 1956 i. e. upto 20th October 1957 subject to the college authorities fulfilling the following conditions to the satisfaction of the Syndicate on or before 31st August 1956:

(a) The following staff may be appointed :

One Professor of Anatomy

One Professor of Physiology

One Lecturer in Padartha-Vignan.

(b) All part-time officers work in the Institute for abont three or four hours a day.

(c) Library and Drug Museum are provided in the main college building as mentioned below :

Library:- That in one of the rooms in college, provision for a small Library along with a reading room may be made for students.

Drug Museum:- A Museum for Practical demonstration in Dravya Guna Shashtra should be developed in the college building to make is suitable to the students and Professors."

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે રેટ્રોસ્પેકટીવ ઍફિલિએશન આપવા માટેની અરજી સ્વીકારવી એ કાનૂની દૃષ્ટિએ યોગ્ય નહિ હોવાનું ઍકેડેમિક કાઉન્સિલ માને છે એ બાબત સિન્ડિકેટનું ધ્યાન ખેંચવું."

૧૩. એલ.એલ.એમ. માં પરીક્ષાનાં પરીણામ જાહેર કરવા અંગે ઍાર્ડિનન્સ ૧૩૬ માં "In two classes and pass" એમ લખેલું છે અને એલ.એલ.એમ. ના રેગ્યુલેશન નં. ૧૬૩ માં જણાવ્યુ છે કે પાસ થવાનું ધોરણ ૫૦ ટકા રહેશે અને ૬૬ ટકા મેળવનાર વિદ્યાર્થીને પ્રથમ વર્ગમાં સફળ થયેલો જાહેર કરવામાં આવશે તો પરિણામ કયા કયા વર્ગમાં જાહેર કરવું તે વિષે વિચારણા કરવા બાબત.

(નોંધ:- મુંબઇ યુનિવર્સિટીમાં રેગ્યુલેશનમાં આપણી જેમજ પ્રબંધ છે પરંતુ ઍાર્ડિનન્સમાં "In two classes" એમ જણાવેલું છે. આ અંગે મુંબઇ યુનિવર્સિટીનો જવાબ નીચે પ્રમાણે છે:

"Candidates who obtain 50 per cent of the marks but below 66 per cent marks at the LL. M. Examination are declared to have passed the examination in Second Class and the Class is mentioned in the degree certificate awarded to them.")

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇના ધોરણે એલ.એલ.એમ. ની ડિગ્રી પરીક્ષાનાં પરિણામ જાહેર કરવા અને તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરવા.

(સુધારેલા ઍા. ૧૩૬ તથા સુધારેલા રે. ૧૬૩ ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૪. પરીક્ષાનાં પરિણામો જાહેર કરતાં અગાઉ અઘરા વિષયોમાં 'Border line case' ઉપર વિચારણા કરવા માટે મળતી સિનિયર પરીક્ષકોની સભા બોલાવવી અઘરી કરેલી હોવાથી આવા કેસોમાં વિદ્યાર્થીઓને સહન કરવું ન પડે તે માટે મુંબઈ યુનિવર્સિટીના ઑર્ડિનન્સ નં. ૧૬૮ અને ૧૬૯ ને આપણા ઑર્ડિનન્સ નં. ૧૩૮ અને ૧૩૯ની જગ્યાએ લેવા અને ઑર્ડિનન્સ નં. ૧૪૦ માં છેલ્લી લીટીમાં **percentage** શબ્દ પછી **"in the aggregate"** અને છેલ્લી લીટીને અંતે **"of the total marks obtainable"** શબ્દો મૂકી તેમજ ઑર્ડિનન્સ નં. ૧૪૧ માં ત્રીજી લીટીમાં આવતા **percentage** શબ્દ પછી **"in the aggregate"** એવા શબ્દો મૂકી ઑર્ડિનન્સ નં. ૧૪૦ અને ૧૪૧ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. એસ.એસ.સી. પાસ થયેલ વિદ્યાર્થીઓ કે જે સ્ટે. ૧૭૩ પ્રમાણે કોઇપણ કૉલેજના ફર્સ્ટ ઇયરના વર્ગમાં દાખલ થવા માટે લાયક ન હોય પણ તેઓ જો પાછળથી બે કે વધારે અલગ અલગ વિષયોમાં પરીક્ષામાં બેસે અને નાપાસ થાય છતાં તેમના અગાઉના પરિણામ સહિત પાછળથી પાસ કરેલા વિષયો સાથે સ્ટેટ્યુટ ૧૭૩ની જરૂરિયાતો પૂરી પાડતા હોય તો તેમને કૉલેજના ફર્સ્ટ ઇયરના વર્ગમાં દાખલ કરવા માટે લાયક ગણવા બાબતનો શ્રી. રજિસ્ટ્રારે ઘડેલો રેગ્યુલેશન મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન નં. ૭–એ માં "provided થી under St. 173" સુધીના શબ્દો રદ કરીને નીચે પ્રમાણે ઉમેરો કરી તે મંજૂર કરવો:

"On his producing a certificate that he has obtained the requisite number of marks in the subject or subjects concerned."

(સુધારેલા રે. ૭–એ. ની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૭. ડી.એસ.સી. ડીગ્રી માટે ડૉ. સી. એમ. દેસાઇએ લખેલ મહાનિબંધ ઉપરનો તે અંગે નીમેલ રેફરીઝનો રિપોર્ટ.

(નોંધ:- ૧. રેફરીઝનો અભિપ્રાય આ પ્રમાણે છે:

"In our judgement the work fails to reach the standard required for the D. Sc. Degree."

૨. આ અંગે ઑ. નં. ૩૩૮ નીચે પ્રમાણે છે:

"O. 338: The Examiners shall make a joint report to the Registrar for submission to the Academic Council stating whether they consider the work to be a valuable contribution to learning and deserving of the

degree. The Academic Council shall then send its recommendation thereon to the Syndicate.")

આથી ઠરાવવામાં આવે છે કે રેફરીઓનો રિપોર્ટ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ (થિસિસ) યુનિવર્સિટીએ તેમના નામ સામે જણાવેલ ડીગ્રી માટે સ્વીકાર્યા છે તેમના રેફરીઝ તરફથી આવેલા રિપોર્ટ.

(જાણ સારૂ)

વિદ્યાર્થીનું નામ :	ડીગ્રીનું નામ :
૧. શ્રી. કે. સી. પટેલ	એમ.એસસી.
૨. શ્રી. એસ. સી. દેસાઈ	એમ.એસસી.
૩. શ્રી. એન. એન. નાયક	એમ.એસસી.
૪. શ્રી. જે. આઇ. દેસાઇ	એમ.એસસી.
૫. શ્રી. એ. કે. માંકડ	એમ.એસસી.
૬. શ્રી જે. આઇ. સેતલવડ	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર રિપોર્ટોની નોંધ લેવી.

આ પછી સભાનું કામકાજ બીજા દિવસ પર મુલતવી રહ્યું હતું.

૧૯. સિન્ડિકેટે તેની તા ૯-૪-૧૯૫૬ ના રોજ મળેલ સભામાં કામકાજની યાદીની આઇટેમ નં. ૨૮ પ્રમાણે સેનેટે સિન્ડિકેટને રીફર એક કરેલા નીચે જણાવેલા ઑ. ૬૫-એલ બાબત સિન્ડિકેટના ઠરાવ અનુસાર બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની નીચેની ભલામણ :

ઑ. ૬૫-એલ : "Full-time professors and Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University, for giving instruction and guiding research for a Master's degree and for Ph.D. Degree in their respective subjects; and full-time Lecturers in the University departments as Assistants to the recognised Post-graduate teachers in their respective subjects, provided that Lecturers might be recognised as Post-graduate Teachers after five years' standing as Assistants in their subject."

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

"આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે ઑર્ડિનન્સ ૬૫-એલ માં સુધારા વધારા કરવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી. ઑર્ડિનન્સ ૬૫-એલ માં પહેલી લીટીમાં "and" અને "Readers" એ શબ્દોની વચ્ચે "Existing" એ શબ્દ મુકવો."

સુચિત સુધારા સાથેનો સુધારેલો ઑર્ડિનન્સ નં. ૬૫-એલ નીચે પ્રમાણે વંચાશે :

ઑ. ૬૫-એલ. : "Full-time professors and **Existing** Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instruction and guiding research for a Master's Degree and for Ph.D. Degree in their respective subjects."

Full-time readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instruction and guiding research for a Master's Degree and full-time Lecturers in the University Departments as Assistants to the recognised post-graduate teachers in their respective subjects, provided that Lecturers might be recognised as post-graduate teachers after five years' standing as Assistants in their subjects."

(નોંધ : પ્રિન્સિપલ એસ. વી. દેસાઇએ આ ઑર્ડિનાન્સના અન્વયે "Full-time Professor" ને આપોઆપ મળી જતી માન્યતા અંગે પોતાની અસંમતિ દર્શાવી હતી)

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે ભલામણ કરેલા ઑ. ૬૫-એલ. માં ફેરફાર કરીને નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

O. 65-L. : (i) "Full-time Professors and Existing Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instruction and guiding research for the Master's degree in their respective subjects."

(ii) Existing full-time Professors shall be deemed to have been recognised for guiding students for the Ph.D. Degree in their respective subjects."

૨૦. સિન્ડિકેટે સુધારેલા ઑર્ડિનન્સો ૧૭૪-સો, ૧૮૬ અને ૩૦૨-ઈ. ને સેનેટે રિફર એક કર્યા છે તે અંગેના સિન્ડિકેટનો ઠરાવ :

(નોંધ:- ઑ. ૧૭૪-સી. રિફર એક કરવામાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે બેઠેલા વિદ્યાર્થીએ મેળવેલ એકઝમ્પ્શન એ વિદ્યાર્થી એકસ્ટર્નલ તરીકે બેસે તો પણ ચાલુ રહેવું જોઇએ એ ચર્ચાનો મુદ્દો હતો.

ઑ. ૧૮૬ રિફર એક કરવામાં, સ્નાતક થતાં પહેલાં પણ કોઇ વિદ્યાર્થીએ ત્રણ વર્ષ શાળામાં નોકરી કરી હોય તો તે પણ ચાલી શકે એ ચર્ચાનો મુદ્દો હતો.

ઑ. ૩૦૨-ઈ. માં હિન્દીના વિષયનું પ્રોવિઝન ન હોવાથી રિફર એક કરાયો છે).

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અૅકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. અૅા. ૧૭૪-સી. નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 174-C. : Exemptions earned by a candidate at an Examination shall be valid irrespective of where such exemptions are earned or claimed.

૨. અૅા. ૧૮૬ માં "three years" અને "preceding" એ શબ્દોની વચ્ચેનો "immediately" એ શબ્દ કાઢી નાંખીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સુધારેલો અૅા. ૧૮૬ નીચે મુજબ વંચાશે :

O. 186 : The examination for Part I may be taken after two terms' attendance at a Training College as required in ordinance 185 (i). Candidates will not be permitted to appear for Part II unless they produce a satisfactory certificate along with their application for admission to the examination that they have served **subsequent to their passing the Degree Examination** as full-time teachers for 100 working days on the staff of a school or schools recognised or approved by the Syndicate, prior or subsequent to their keeping two terms' attendance in a Training College. In the case of candidates, however, who have served as undergraduate teachers in recognised schools for at least three years preceding their admission to the course, the condition of service after graduation will not apply.

૩. અૅા. ૩૦૨-ઈ. માં હિંદીનો વિષય ઉમેરવાની બાબત ફાર્મસીની અભ્યાસ સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૨૧. સિન્ડિકેટે નવા ઘડેલા અૅાર્ડિનન્સો ૧૨૦-એ, ૧૨૦-બી. અને ૨૧૭-એ. ને સેનેટે રિફર બેક કર્યા છે તે અંગેનો સિન્ડિકેટનો ઠરાવ.

(નોંધ:- અૅા. ૧૨૦-એ. અને ૧૨૦-બી. પરની ચર્ચાનો મુદ્દો એ હતો કે આ બન્ને અૅાર્ડિનન્સો એકબીજા સાથે સંકળાયેલા હોઇ તેનો અમલ પણ એક સાથે જ થવો જોઇએ તથા અૅા. ૧૨૦-બી. માં "shall be progressively implemented" એ શબ્દોમાં રહેલી સંદિગ્ધતા પણ દૂર કરવી જોઇએ.

અૅા. ૨૧૭-એ. માં "Applied Mechanics" એ શબ્દો ઉમેરવાના હોઇ અૅાર્ડિનન્સ રિફર બેક કરાયો છે.)

સિન્ડિકેટનો ઠરાવ

'આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે —

૧. ઑ. ૧૨૦-એ. માં નીચે પ્રમાણે સુધારા કરીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

અ. એકસ્પ્લેનેશન નં. ૧ માં "Principal subjects" ને બદલે "Principal or Special subjects" એમ ફેરફાર કરવો.

આ. એકસ્પ્લેનેશન નં. ૨ માં "Geography" ને બદલે "Geography and Geology" એમ ફેરફાર કરવો તથા તેની અંતે "for the purposes of this ordinance" એમ ઉમેરો કરવો.

ઇ. પેટા કલમ એકમાં "13 periods", 15 periods" અને "20 periods" ને બદલે અનુક્રમે "10 periods", "13 periods" અને "15 periods" એમ ફેરફાર કરીને તે અંગે જરૂરી આનુષંગિક ફેરફાર પેટા કલમમાં બધે કરવા.

ઉ. "In the case of the teachers થી શરૂ થતી અને = 3 under Graduate teachers" થી પુરી થતી કંડિકા કાઢી નાખવી.

૨. ઑ. ૧૨૦-બી. માં નીચે પ્રમાણે ફેરફાર કરીને સિન્ડિકેટને મંજૂર કરવા માટે ભલામણ કરવી."

અ. પેટા-કલમ એકમાંથી "except when expressly otherwise stated" એ શબ્દો કાઢી નાખવા.

આ. પેટા કલમ ચારમાંથી "This sub clause shall come into effect from 20-6-1958" એ શબ્દો કાઢી નાખવા.

(નોંધ:- "shall be progressively implemented by all colleges" એ સંદિગ્ધ હોવાથી એમાં ફેરફાર કરવાની જરૂર સભાગૃહને લાગી નહોતી.)

૩. ઑ. ૨૧૭-એ. માં મેથેમેટિકસની સાથે "Applied Mechanics" શબ્દો ઉમેરીને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑ. ૧૨૦-એ, ૧૨૦-બી. અને ૨૧૭-એ. ની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૨. સ્ટેચ્યુટ ૯૯માં નીચે મુજબનો સુધારો કરવા બાબતનો સિન્ડિકેટનો ઠરાવ સેનેટે રિફર બેક કર્યો છે તે અંગેનો સિન્ડિકેટનો ઠરાવ :

"In S. 99, the subject of "Town Planning and Architecture" be added under a new heading (3. A) Joint Faculties of Arts including Education and Technology including Engineering."

(નોંધ:- આ અંગે ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન, ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના ઠરાવો નીચે મુજબ છે:)

ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગનો ઠરાવ

"Resolved that the Dean of the Faculty of Arts including Education be requested to transfer the subject of "Town Planning and Architecture" coming under the Fine Arts to the Faculty of Technology including Engineering."

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશનનો ઠરાવ.

"આથી ઠરાવવામાં આવે છે કે ટાઉન પ્લાનીંગ અને આર્કીટેકચરનો વિષય જોઇન્ટ ફૅકલ્ટીઝ ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન અને ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ હેઠળ મૂકવો અને તે મુજબ કરવા આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશનની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો અને તે અંગે સ્ટેટ્યુટમાં જરૂરી ફેરફાર કરવા."

(નોંધ:- આ સ્ટેટ્યુટ રિફર બેક કરતાં ચર્ચાનો મુદ્દો એ હતો કે આ વિષય અભ્યાસ સમિતિને લગતો છે તેથી સ્ટે. ૧૦૮માં સુધારો કરવાની જરૂર છે અને સ્ટે. ૯૯માં આનુષંગિક સુધારો કરવાની જરૂર છે.)

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટ નં. ૧૦૮માં "ફૅકલ્ટીઝ ઑફ આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન ઍન્ડ ટેકનોલૉજી ઈન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ" એમ નવું મથાળું કરીને ૪૦ મા વિષય તરીકે "ટાઉન પ્લાનીંગ ઍન્ડ આર્કિટેકચર" એ વિષય મજકૂર બંને ફૅકલ્ટીઓની નીચે ઉમેરીને સુધારેલો સ્ટેટ્યુટ મંજૂર કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. નં. ૯૯ માં "Town Planning and Architecture' એ વિષય "Faculty of Arts including Education" માં 'Humanities" ના મથાળા હેઠળ તેમજ "Faculty of Technology including Engineering" માં Architecture" ને બદલે "Town Planning and Architecture" નો વિષય મૂકવો.

(સુધારેલા સ્ટે. ૯૯ તથા ૧૦૮ ની નકલો આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

બાબત નં. ૩, ૨૩ અને ૨૪ ની સાથે વિચારણા કરવામાં આવી હતી.

૩. ઍન્જિનિયરીંગ કૉલેજોમાં લેકચરરની નિમણૂક માટેની ઓછામાં ઓછી જરૂરી લાયકાતવાળા માણસો મળતા ન હોવાથી તે લાયકાતમાં ફેરફાર કરવા બાબતના મુંબઇ સરકારના કેળવણી ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ સરકારનું સૂચન માન્ય કરવું તથા તે મુજબ સ્ટે. નં. ૧૩૫-એ. ના મુસદ્દામાં જરૂરી ફેરફાર કરીને તે સિન્ડિકેટ તથા સેનેટને મંજૂર કરવા માટે જણાવવું.

૨૩. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં તથા માન્ય થએલી સંસ્થાઓમાં નિમાતા શિક્ષકો માટેની ઓછામાં ઓછી લાયકાત અંગે સિન્ડિકેટે ઘડેલો સ્ટેટ્યુટ ૧૩૫-એ. સેનેટે રિફર બેક કર્યો છે તે અંગે સિન્ડિકેટનો ઠરાવ.

(નોંધ:- ૧. ચર્ચાનો મુદ્દો એ હતો કે બીજા સ્નાતકોની જેમ બી.ઇડી. ના પહેલા વર્ગના સ્નાતકોને પણ લેકચરરની જગા માટે લાયક ગણવા જોઇએ.

૨. આ અંગે પ્રો. ચીમન પટેલ નીચેનાં સૂચનો વિચારવાની વિનંતી કરે છે:

1. For Professor.

(a) B.A. (Hons.) with 1st class and M.A. Second Class.

ઉપરોક્ત લાયકાત ધરાવનારને પ્રોફેસર તરીકે નીમી શકાય એવું મારૂં સૂચન છે. આપણે ત્યાં એમ.એ. ફર્સ્ટ કલાસને સીધી રીતે જ નીમી શકાય છે, પછી બી.એ. માં થર્ડ કલાસ હોય તો પણ વાંધો લેવામાં આવતો નથી. તેથી ઉપરોક્ત લાયકાત ધરાવનારને પણ પ્રોફેસર તરીકે નીમવાની જોગવાઇ કરવામાં

૨૩/૨૪-૮-૧૯૫૬

આવે તો તેમાં કશું અજુગતું નથી ઉપરાંત આવી લાયકાત ધરાવનારને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે પણ માન્ય કરવામાં આવે છે.

(b) B.A. (Hons.) II Class and M.A. II class with three years' teaching experience.

ત્રણ વર્ષનો અનુભવ હોય તો, હાલમાં ભરાયેલી કૉલેજોને પ્રોફેસરો નીમવાની જે મુશ્કેલીઓ નડે છે તે જોતાં, નીમવાની છૂટ આપતી ભોગવાઈ કરવા જેવી છે. આ સૂચનો વિચારાશે એવી આશા છે ?"

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. એલ. આર. દેસાઈનાં સૂચન માન્ય કરવાં તથા પ્રો. ચીમન પટેલનાં સૂચનો પૈકી સૂચન "બી" માં "Three years teaching experience" એ શબ્દો પછી "in post Intermediate Classes" એ શબ્દો ઉમેરીને તે સૂચનો માન્ય કરવાં તથા તે મુજબ સ્ટેટ્યુટ નં. ૧૩૫-એ. ના મુસદ્દામાં ફેરફાર કરીને તે મંજૂર કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૨૪. શ્રી. ગિરિરાજ નવીનચંદ્ર દેસાઈ જેઓ એલ.એલ.બી. છે અને અમદાવાદમાં છેલ્લાં બાર વર્ષથી વકીલાત કરે છે તેમને અને તેમના જેવી લાયકાતવાળા બીજાઓને લૉ કૉલેજમાં પાર્ટ-ટાઇમ પ્રોફેસર અથવા લેક્ચરર તરીકે નીમી શકાય કે કેમ તે જણાવવા બાબતનો સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલો પત્ર અને તે ઉપરનો સિન્ડિકેટનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટરમિડિયેટ પરીક્ષા પાસ કર્યા પછી સીધું એલ.એલ.બી.ના અભ્યાસક્રમ માટે જઇ શકાય છે તે મુદ્દો લક્ષમાં લઈને ફૅકલ્ટી ઑફ લૉના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતની પુનર્વિચારણા કરવા આ બાબત અકેડેમિક કાઉન્સિલ સમક્ષ મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે બી.એ.,બી.એસસી. કે બી.કૉમ. થયા સિવાય જે વ્યક્તિઓ એલ.એલ.બી. થઇ હોય તેમને ૧૦ વર્ષનો વ્યવસાયી અનુભવ "(Professional experience") હોય તો તેવી વ્યક્તિઓને ફૅકલ્ટી ઑફ લૉ માં શિક્ષક તરીકે નીમી શકાય તથા તે પ્રમાણે સ્ટે. ૧૩૫-એ. ના મુસદ્દામાં જરૂરી ફેરફાર કરીને તે મંજૂર કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

(સુધારેલો સ્ટે. ૧૩૫-એ. ની નકલ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૨૫. તામીલ વિષયની બૉર્ડ ઑફ સ્ટડીઝ નહિ હોવાથી તેમજ બી.એ. માં તામીલ વિષયનાં પાઠયપુસ્તકો નક્કી કરેલાં નહિ હોવાથી મુંબઇ યુનિવર્સિટીએ આ માટે ૧૯૫૮ ની પરીક્ષા માટે નક્કી કરેલાં પુસ્તકો આ યુનિવર્સિટીની તે જ પરીક્ષા માટે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એ. ની પરીક્ષા માટે મુંબઇ યુનિવર્સિટીએ મંજૂર કરેલો તામીલનો અભ્યાસક્રમ આ યુનિવર્સિટીએ પણ માન્ય કરવો.

૨૬. "માયક્રોબાયોલૉજીમાં" અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ શ્રી. વી. એન. આયર તરફથી એમ.એસસી. માં માયક્રોબાયોલૉજી વિષયના પેપર અને પ્રેકટીકલ્સ માટે અભ્યાસક્રમ અને પુસ્તકો નક્કી કરવા બાબત ગાર્ડા કૉલેજના પ્રિન્સિપલ મારફત આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત માયક્રોબાયોલૉજીની અભ્યાસસમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૨૭. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની તા. ૧૮/૧૯-૧-૫૬ ના રોજ અલિગઢ ખાતે મળેલી ૩૨મી વાર્ષિક સભામાં પસાર થયેલા ઠરાવ નં. III, VII (9), XI (3) & 8 ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ઠરાવ III પ્રમાણે બાનગી અભ્યાસ પછી પરીક્ષામાં બેસવા અંગે હાલની સ્થિતિમાં ફેરફાર કરવાના મતની આ બૉર્ડ નથી. વધુમાં દીલગીરી સાથે જણાવે છે કે સામાન્ય નીતિને બે બધી યુનિવર્સિટીઓ વળગી ન રહે તો બાનગી અભ્યાસ કર્યા પછીની મેળવેલી ડીગ્રી બીજી યુનિવર્સિટીઓએ માન્ય કરવી જોઇએ નહિ.

ઠરાવ VII (9) પ્રમાણે ૧૯૬૧ ની સાલથી "ન્યુ પેટર્ન ઑફ એજ્યૂકેશનલ રિઓર્ગેનીઝેશન" એટલે કે ૧૭ વર્ષની ઉંમરે હાયર સેકન્ડરી સ્કુલ કોર્સ કરી તે પછી ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ કરવા અંગે પગલાં લેવા અને તે સમય સુધીની વચ્ચેના ગાળાની વ્યવસ્થા કરવા બાબતનો છે.

ઠરાવ XI (3) પ્રમાણે યુનિવર્સિટીઓમાં પરીક્ષાઓમાં સફળ થતા ઉમેદવારોને વર્ગ આપવા બાબત છે. બૉર્ડનું મંતવ્ય "Symbolic representation" અંગેનું છે. જેમકે-

"A" to represent First Class, 60 % or over

"B" **plus** to represent second class, 55 % and over but less than 60 %

"B" to represent second class, 50 % and over but less than 55 %

"C" **plus** to represent third class, 45 % and over but less than 50 %,

"C" to represent third class, 40 % and over but less than 45 %

Distinction will be given in any subject for those getting 75 % and above

ઠરાવ XI (8) યુનિવર્સિટીની પરીક્ષાઓ વિદ્યાર્થીઓની માનસિક શક્તિ માટે "Valid tests" તરીકે રહે તે અંગે એક સેમિનાર ભરવા અને તે દરમિયાન યુનિવર્સિટીની બૉર્ડ્ઝ ઑફ સ્ટડીઝનો અભિપ્રાય સહિતનો રિપોર્ટ મોકલી આપવા અંગેનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડના ઠરાવ III, VI (9) તથા XI (3) માં આવતી બાબતોમાં આ યુનિવર્સિટીને લાગેવળગે છે ત્યાં સુધી હાલને તબક્કે કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો. તથા મજકુર બૉર્ડના ઠરાવ XI (8) માં જણાવેલી બાબત પર વિચારણા કરીને રિપોર્ટ રજૂ કરવા માટે પ્રિન્સિ. અ. ક. ત્રિવેદી તથા પ્રો. વી. વી. અકોલકરની બનેલી સમિતિ નીમવી.

૨૮. ઇન્ટરમિડિયેટ એગ્રિકલ્ચર (દ્વિતીય વર્ષ) અને ઇન્ટરમિડિયેટ ફાર્મસી (દ્વિતીય વર્ષ) માં ફરજિયાત હિન્દી દાખલ કરેલું હોવાથી ૧૯૫૭ના વરસની તે તે પરીક્ષાઓ માટે ફરજિયાત હિન્દીના પાઠ્ય પુસ્તકો અંગે હિંદીની અભ્યાસ સમિતિની ભલામણ.

હિન્દીની અભ્યાસ સમિતિની ભલામણ

"આથી આ બૉર્ડ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઇન્ટરમિડિયેટ એગ્રિકલ્ચર (દ્વિતીય વર્ષ) અને ઇન્ટરમિડિયેટ ફાર્મસી (દ્વિતીય વર્ષ) માટે ફરજિયાત હિંદીના પાઠયપુસ્તકો ઇન્ટરમિડિયેટ સાયન્સ માટે નિયત કરેલાં છે તે જ પાઠયપુસ્તકો ઉપરના વર્ગો માટે ૧૯૫૭ની તે તે પરીક્ષાઓ માટે નિયત કરવા. પાઠયપુસ્તકો નીચે મુજબ છે.

ઇન્ટરમિડિયેટ એગ્રિકલ્ચર.

દ્વિતીય વર્ષ.

૧૯૫૭ની પરીક્ષા માટે.

ફરજિયાત હિન્દી :

ગદ્ય કુસુમમાળા – શ્રી. ચંદ્ર પ્રકાશ, એમ.એ.

વધારાનું હિન્દી :

નારી – શીયારામ શરણગુપ્ત, ચિરગાવ ઝાંસી.

ઇન્ટરમિડિયેટ ફાર્મસી

દ્વિતીય વર્ષ.

૧૯૫૭ની પરીક્ષા માટે.

ફરજિયાત હિન્દી :

ગદ્ય કુસુમમાળા – શ્રી. ચંદ્ર પ્રકાશ, એમ.એ."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસ સમિતિની ભલામણ મંજૂર કરવી.

૨૯. ૧૯૫૭ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણુંકો માટે જુદી જુદી ફૅકલ્ટીઓ માટે ઍાર્ડિનન્સ ૬૭ મુજબ એકઝામિનેશન કમિટીમાં ઍકેડેમિક કાઉન્સિલ તરફથી બબ્બે સભ્યોની નિમણૂક કરવા બાબત.

(નોંધ:- ૧૯૫૬ની પરીક્ષાઓ માટે ઍકેડેમિક કાઉન્સિલ તરફથી નીચેના સભ્યો એકઝામિનેશન કમિટીમાં હતા:

આર્ટ્સ ફૅકલ્ટી	૧. પ્રિન્સિ. કે. એલ. દેસાઈ ૨. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ
સાયન્સ ફૅકલ્ટી	૧. ડૉ. વાય. જી. નાયક ૨. ડૉ. કે. આર. રામનાથન (આવતા નવેમ્બરથી ડીન થતા હોવાથી તે ઍા. ૬૭ મુજબ આપો-આપ કમિટીમાં મેમ્બર થાય છે.)
ટેકનોલૉજી-ઍન્જિનિયરીંગ ફૅકલ્ટી	૧. પ્રો. કે. વી. કાર્દિલે ૨. ખાલી
એગ્રિકલ્ચર ફૅકલ્ટી	૧. શ્રી. આર. એમ. પટેલ ૨. ખાલી
લૉ ફૅકલ્ટી	૧. શ્રી. બદુભાઇ એચ. દેસાઇ ૨. ખાલી
મેડિકલ ફૅકલ્ટી	૧. ડૉ. જી. વી. બર્વે ૨. ડૉ. એન. આર. દેસાઈ
કૉમર્સ ફૅકલ્ટી	૧. પ્રિન્સિ. ડી. આર. સામન્ત ૨. પ્રિન્સિ. એસ. સી. પાઠક (પ્રિન્સિ. પાઠકે રાજીનામું આપ્યું છે.)
આયુર્વેદ ફૅકલ્ટી	પ્રથમવાર નીમવાના છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાસમિતિઓમાં નીચે પ્રમાણે પ્રતિનિધિઓની નિમણૂક કરવી:

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઈન્કલ્યુડિંગ એજ્યુકેશન	૧. પ્રિન્સિ. કે. એલ. દેસાઇ ૨. પ્રિન્સિ. એલ. આર. દેસાઇ

૨૩/૨૪-૮-૧૯૫૬

સાયન્સ ફૅકલ્ટી	૧.	ડૉ. વાય. જી. નાયક
	૨.	ડૉ. આર. ડી. દેસાઈ
ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ	૧.	પ્રિન્સિ. ચંદ્રશેખર આપ્ટે
એગ્રિકલ્ચર ફૅકલ્ટી	૧.	શ્રી. આર. એમ. પટેલ
લૉ ફૅકલ્ટી	૧.	શ્રી. ખંડુભાઇ એચ. દેસાઇ
ફૅકલ્ટી ઑફ મેડિસિન	૧.	ડૉ. જી. વી. ખર્વે
	૨.	ડૉ. એન. આર. દેસાઇ
કૉમર્સ ફૅકલ્ટી	૧.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત
	૨.	શ્રી. જી. આર. દેસાઇ
ફૅકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિન	૧.	ડૉ. પી. એમ. મહેતા

૩૦. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલીયાબાડાને બી.એ. જનરલમાં એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરનું વધારાનું જોડાણ આપવા બાબતની શ્રી. વિદ્યામંડળ, અલિયાબાડાના મંત્રી તરફથી આવેલી અરજી.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત માટે સ્થાનિક તપાસસમિતિ નીમવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિ નીમવી આવશ્યક છે તેમ અૅકેડેમિક કાઉન્સિલ માને છે એ અભિપ્રાય સાથે આ બાબત સિન્ડિકેટને પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

(નોંધ:- મજકૂર અૅફિલિએશન ૧૯૫૭ના જુનથી માગવામાં આવ્યું છે તેની કાર્યાલયે ખાત્રી કરી લેવી.)

૩૧. નીચેની દરખાસ્ત રજૂ કરવા બાબતની ડૉ. વાય. જી. નાયક તરફથી આવેલ પત્ર.

"This meeting of the Academic Council resolves that-

(i) Three-years University courses be introduced in all faculties form June 1958 In all affiliated colleges of the University.

(ii) The affiliated colleges or recognised institutions (including high schools) be allowed to conduct one year pre-University classes for entrance to the University.

(iii) The University will conduct an entrance examination to the University and will regulate admissions of such students as are found suitable for various University courses. It recommends to the Academic Council and the Syndicate to prepare necessary ordinances and/or statutes for this purpose.

(iv) A Committee may be appointed to revise the present scheme of University courses in the different faculties. The Committee should submit its report within three months from the date of the Academic Council meeting."

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ વિસ્તારમાં પોસ્ટ-ઇન્ટરમિડિયેટ ટીચીંગના પ્રશ્નની સાથે સાથે આ પ્રશ્નની પણ વિચારણા કરવા માટે આ બાબત બૅાર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ મોકલી આપવી.

૩૨. તા. ૧૬-૮-૧૯૫૬ના રોજ ઉપકુલપતિશ્રીની પરવાનગીથી જામનગર ખાતે મળેલી બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન આયુર્વેદિક મેડિસિનની બેઠકમાં બી.એમ.એસ.એ. પરીક્ષા પાસ કરવા અંગેનું ધોરણ નક્કી કરવા અને આયુર્વેદિક કૉલેજમાં પ્રિન્સિપલ, પ્રોફેસર એસિસ્ટન્ટ પ્રોફેસર, ડેમોન્સ્ટ્રેટર વગેરેની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવા અંગે પસાર કરેલા ઠરાવ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલ માટેની લાયકાતની કંડિકામાંથી "He should not be under 40 years of age" એ વાકય કાઢી નાખીને મજકૂર ફૅકલ્ટીની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૩. સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સોમવાર તા. ૨૦-૮-૫૬ના રોજ મળનારી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આ બાબત પરત્વે શ્રી. રજિસ્ટ્રારે ખુલાસો કર્યો હતો કે કોરમના અભાવે સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સની બેઠક મળી શકી નહિ હોવાથી આ બાબત પરત્વે વિચારણા કરવાની રહેતી નથી.

૩૪. ગુજરાત લૉ સોસાયટીએ શરૂ કરેલા ડિપ્લોમા કોર્સ ઇન ટેક્ષેશન એન્ડ લેબર લૉઝને રેકગ્નાઇઝ કરવા અંગે લૉની અભ્યાસસમિતિ અને ફૅકલ્ટી ઑફ લાની નીચે મુજબની ભલામણો.

લૉની અભ્યાસસમિતિની ભલામણ

"Resolved to recommend to the Syndicate to institute the Diploma in Labour Laws and Practice which will be open to Graduates in Law only. The course should be of one year's duration of two terms. The above diploma will be granted after passing in the examination to be held by the University annually.

Resolved further that it be recommended to the Syndicate to institute a Diploma in taxation Laws and Practice in this University which may be open to Graduates in Commerce and Law only.

The course will be of one year's duration of two terms, The diploma may be granted after passing the exam'nation to be held by the University annually."

ફૅકલ્ટી ઑફ લૉનો ઠરાવ

"Resolved to recommend to the Syndicate to instititute the Diploma in Labour Laws and Practice which will be open to graduates in Law only. The course should be of one year's duration and of two terms. The above diploma will be granted after passing in the examination to be held by the University annually.

Resolved further that it be recommended to the Syndicate to institute a Diploma in Taxation Laws and Practice in this University which will be open to graduates in Commerce and Law only. The course will be of one year of two terms. The Diploma may be granted after passing the examination to be held by the Gujarat University Annually."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસક્રમ દાખલ કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૩૫. ઍા. ૭૧ મુજબ સ્ટેટ યુનિવર્સિટીઓની કૉલેજોમાં રાખેલાં સત્રો માન્ય કરવાની જોગવાઈ છે અને ઍા. ૨૪૫-એ. મુજબ મુંબઇ યુનિવર્સિટીના નિયમો મુજબ રાખેલાં સત્રો માન્ય કરવાની જોગવાઇ છે. ઉપરના સંજોગોમાં ઍા. ૭૧ હયાતિમાં હોવાથી ઍા ૨૪૫-એ. ની જરૂર ન હોવાથી ઍા. ૨૪૫-એ. રદ કરવા બાબત ફૅકલ્ટી ઑફ લૉ ની નીચેની ભલામણ:

ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ

"આથી આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સ્ટે. ૭૧ હયાતિમાં હોવાથી ઍા. ૨૪૫-એ. ની જરૂર રહેતી નથી માટે તેને રદ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે ઍા. ૨૪૫-એ. રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. (રદ થયેલા ઍા. ૨૪૫-એ. ની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૩૬. "ન્યૂ મેરેજ ઍક્ટ" અંગે લૉની અભ્યાસ સમિતિ અને ફૅકલ્ટી ઑફ લૉની નીચેની ભલામણો:

લૉની અભ્યાસસમિતિની ભલામણ

વધુમાં ઠરાવવામાં આવે છે કે "મેરેજ ઍક્ટ" નો નવો કાયદો જૂન ૧૯૫૬થી એટલે કે ૧૯૫૭ ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણવો અને ઉપર મુજબની ભલામણ સ્વીકારવા આથી આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ફૅકલ્ટી ઑફ લાની ભલામણ

"Resolved further that the "New Marriage Act" be considered to have come into force from June, 1955 i. e. for the examination of 1957 and onwards."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ફૅકલ્ટીની ભલામણમાં "The new Marriage Act" ને બદલે "The study of the New Marriage Act" એ પ્રમાણે ફેરફાર કરીને મંજૂર કરવી.

૩૭. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપલ તરફથી આવેલ નીચેની બાબત અંગે વિચારણા કરવા બાબત.

"ઇન્ટર સાયન્સમાં ભાષાના પચાસ માર્કસના પેપર દીઠ અઠવાડિયે બે પિરિયડ રાખવામાં આવે છે. હવે હિન્દી ભાષાને એક વધારાની ફરજિયાત ભાષા તરીકે દાખલ કરવામાં આવતાં ગુજરાતી અને હિન્દી બન્ને મળીને ૧૦૦ માર્કસના એક પેપર લેખે અઠવાડિયે ત્રણ પિરિયડનું અધ્યયન ચાલી શકે કે કેમ તે અંગે સ્પષ્ટીકરણ કરવા વિનંતી. અન્ય ભાષાના સો માર્કસના એક પેપર દીઠ અઠવાડિયે ત્રણ પિરિયડનો પ્રબંધ હોય છે."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૦૦ માર્કસના બે પેપર કે બે વિભાગ માટે અઠવાડિયાના ત્રણ પિરિયડ ચાલી શકે.

૩૮. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના શ્રી. સી. બી. શેઠનો પીએચ.ડી. ના મહાનિબંધ તેમના રેફરીના રિપોર્ટ પ્રમાણે યુનિવર્સિટીએ સ્વીકાર્યો નથી તે અંગેનો રેફરીનો રિપોર્ટ. (જાણ સારૂ)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર રિપોર્ટની નોંધ લેવી.

૩૯. જૂના 'કંપનો ધારા" ને બદલે નવો "કંપનો ધારો" અમલમાં આવેલ હોવાથી તથા નવો 'હિંદુ વારસ ધારો" અમલમાં આવેલ હોવાથી તે અંગેનો લૉ નો અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણ તથા અૅકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે આ બાબત ચાલુ સાલથી એટલે કે સેકન્ડ એલ.એલ.બી. ની ૧૯૫૭ ની પરીક્ષાથી અમલમાં આવી છે એમ પરવાનગી આપી છે તેને બહાલી આપવા બાબત.

લૉ ની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ બૉર્ડ અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી અને તે મુજબનો સુધારો એપ્રિલ ૧૯૫૭ ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણવો."

આથી ઠરાવવમાં આવે છે કે મજકૂર અભ્યાસ સમિતિની ભલામણ મંજૂર કરવી.

૪૦. એમ.એ. માં હિન્દી વિષય શીખવાડવા માટે અમદાવાદમાં કેન્દ્ર ખોલવા અંગે પ્રિન્સિ. એસ. આર. ભટ્ટના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

"For several years Gujarat University has framed courses for Hindi at M. A. but of the many students who wish to offer the subject, none could do so for lack of recognised teachers. As it is, there are several teachers with Professional academic qualifications in the subject in some of the colleges at Ahmedabad. It is, therefore, recommended that a centre for teaching Hindi at M. A. be started at Ahmedabad and the Post-graduate Board and other authorities be requested to permit the co-ordination of Post-graduate, Teaching in Hindi at Ahmedabad through the existing teachers and if necessary by fresh appointment of suitable staff."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં કોઇ કૉલેજ અગર સંસ્થા જરૂરી સ્ટાફ નીમીને અરજી કરે ત્યારે હિંદીના અનુસ્નાતક શિક્ષણ માટે વ્યવસ્થા થઇ શકે એમ હોવાથી આ બાબતમાં હાલ કશું કરવાપણું રહેતું નથી.

૪૧. શ્રી. એ. પી. બરીક કે જેમણે કલકત્તા યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સની પરીક્ષા ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બૉટાનીના વિષયો સાથે પાસ કરી છે અને જેઓ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના બી.ફાર્મ. ના વર્ગમાં દાખલ થયા છે તેમને તે અભ્યાસક્રમ માટે લાયક ગણી ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- શ્રી. બરીક ફિઝિકસ, કેમિસ્ટ્રી અને બૉટાની સાથે કલકત્તા યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સની પરીક્ષામાં પાસ થયા છે. જ્યારે બી.ફાર્મ.ના વર્ગમાં દાખલ થવા માટે વિદ્યાર્થીએ આ યુનિવર્સિટીની અથવા બીજી યુનિવર્સિટીની માન્ય ઇન્ટર સાયન્સની પરીક્ષા ફિઝિકસ, કેમિસ્ટ્રી અને બાયોલૉજી (બૉટાની અને ઝૂલૉજી) સાથે પસાર કરેલી હોવી જોઇએ.

આ અંગે મેડિકલ ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય નીચે પ્રમાણે છે:

"As Inter Science is recognised the student should be Permitted to join the Pharmacy college. The college may arrange for necessary teaching in Zoology to enable him to understand Physiology."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. પી. બરીકને બી.ફાર્મ. ના વર્ગમાં પ્રવેશ આપવા માટે ડીનના અભિપ્રાયને મંજૂર કરવો.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. અૅકે. કાઉ. ૬૬૦૪-૭૯-૧૯૫૬,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૨-૯-૫૬.

ક. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૭

O. 163. Delete the words "or group C" from the Ordinance.

O. 193. Delete the words "or group C" from the Ordinance.

R. 8. In line three of the regulation; substitute the words "two groups A & B" in place of "three groups A, B and C". Delete the words "group C and the subjects thereunder"

R. 9. In this regulation, delete the words "group C" wherever it occurs. Also delete the detailed syllabus of the subjects of Group C given on pages 18 to 24 of the syllabus of the Faculty of Science.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૧૦ અને ૧૫

O. 159. (Revised) The subjects of study for the F.Y. Arts course will be as under and the eligibility of the candidates to enter upon a course in F.Y. Arts shall be determined in accordance with the subjects prescribed from time to time under S. 173.

F. Y. Arts

Compulsory Subjects: Head I (a) English

(b) Hindi

II (a) Mother Tongue with Texts

Or

Additional paper in English with texts

Or

Additional paper in Hindi with texts.

(b) Classical Language

Or

a modern european language with texts.

III Indian administration

Optional subjects:

1. Mathematics
2. An outline of World History.
3. Civics.
4. Geography.
5. An outline of the Principal Religions of the World.

O. 160. Students who have joined F.Y. Science of an affiliated college will be permitted by the Principal to change over to F.Y. Arts Class any time during the year, provided that they are able to keep the minimum attendance of 65 days in the F.Y. Arts class during the second term and provided further that they are eligible for being so enrolled as students in F.Y. Arts in terms of provisions under Statute 173, provided that students seeking change to any of the Groups must satisfy the requirements of Statute 173 for admission to the Group concerned.

O. 161. Students who have joined the F.Y. Commerce Class will be allowed with the permission of the Principal to change over to the F.Y. Arts Class at

any time during the year and their attendance in the F.Y. Commerce Class shall count towards the minimum required for the 1st term in the F.Y. Arts class, provided that students seeking change to any of the groups must satisfy the requirements of Statute 173 for admission to the Group concern.

O. 159. Under Science Faculty will be as under :

O. 159. A. : The subjects of study for the F.Y. Science courses will be as under and the eligibility of a candidate to enter upon a course in F.Y. Science shall be determined in accordance with the subjects prescribed from time to time under S. 173:

Compulsory:

I. English.

II. (a) Hindi.

(b) Modern Indian Language with Texts

Or

Additional paper in Hindi with Texts

Or

Additional paper in English with Text.

III. Physics (Theory & Practicals.)

IV. Chemistry (Theory and Practicals)

V. Biology (Theory & Practicals)

VI. Mathematics.

O. 160. A. : Students who have joined F.Y. Arts of an affiliated college will be permitted by the Principal to change over to F.Y. Science class any time during the year, provided that they are able to keep the minimum attendance of 65 days in the F.Y. Science Class during the second term and provided further that they are eligible for being so enrolled as students in F.Y. Science class in terms of provisions under Statute 173.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૧૧

O. 158. During the First Year, there shall be no University Examination for a Candidate proceeding to a degree in Arts or Science. A candidate for being permitted at the end of the First Year to enter on a course for the Intermediate Examination in Arts or Science shall have to produce a certificate from the Principal of a College showing that (i) he has kept two terms at a College or Colleges affiliated to the University and has satisfactorily carried out the work appointed by the University for the first two terms in accordance with O. 159 and (ii) that he has satisfactorily gone through the course of Physical Training prescribed by the Syndicate, from time to time unless exempted on the ground that he is medically unfit to undergo such exercise, or that he is a member of the National Cadet Corps, or that he has been regularly taking part as a member of the College term in the recognised fixtures of the major games. In order to go through a course of Physical Training satisfactorily, the student shall have attended the Physical Training class of his College for at least three fourths of the possible number of periods.

Where a candidate has kept two terms at a College or Colleges affiliated to the University, but has not been certified to have satisfactorily carried out the work appointed by the University for the first two terms in Arts or Science or under any of the three groups and has joined another College, the Principal of the new College may issue to him the certificate contemplated by the Ordinance, provided that the candidate has kept at least one term in his College and that he has satisfactorily carried out his work appointed for the first two terms to the satisfaction of the Principal.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૧૩

O. 136. : As soon as practicable after conclusion of an examination, the Syndicate shall publish a list of the names of succesful candidates in the following manner, the names except when otherwise stated, being arranged in alphabetical order under each centre, according to the subjects offered :

Examination :	The Result : How Published
ARTS INCLUDING EDUCATION	
Intermediate Arts	In two classes and Pass.
Bachelor of Arts	-do-
૩. પ્રાથમિક વનસ્પતિ શાસ્ત્ર
લેખકઃ- પ્રોફેસર આર. એન. સુતરીયા
પ્રકાશકઃ- ખડાયતા બુક ડીપો અમદાવાદ

૪. જીવવિજ્ઞાન પ્રવેશ (વનસ્પતિ શાસ્ત્ર)
લેખકઃ- પ્રા. છો. મ. પટેલ, પ્રા. મ. શિ. દુબલે,
શ્રી. મ. હ. પંડ્યા, શ્રી. અ. ક. માંકડ.
પ્રકાશકઃ- યુનાઇટેડ પબ્લીશીંગ કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ.

૫. જીવવિજ્ઞાન પ્રવેશ સામાન્ય જીવવિજ્ઞાન અને પાણીશાસ્ત્ર
લેખકઃ- પ્રા. છો. મ. પટેલ, પ્રા. મ. શિ. દુબલે,
શ્રી. મ. હ. પંડ્યા, શ્રી. અ. ક. માંકડ
પ્રકાશકઃ- યુનાઇટેડ પબ્લીશીંગ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ.

૬. પ્રાથમિક વનસ્પતિ વિજ્ઞાન
લેખકઃ- શ્રી. જે. જી. ચૌહાણ અને શ્રી. એમ. એમ. શુકલ
ચરોતર બુક સ્ટોલ, આણંદ."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ફૅકલ્ટી ઑફ સાયન્સને ભલામણ કરવામાં આવતાં પુસ્તકોના ધોરણ અંગે વિચાર કરીને યોગ્ય પગલાં સૂચવવા માટે મોકલી આપવી.

૬૨૯ કોમર્સના વર્ગો માટે ગુજરાતીમાં લખાયેલ એકાઉન્ટીંગની અભ્યાસસમિતિને લગતાં પુસ્તકો યુનિવર્સિટીમાં વિચારણા માટે આવ્યાં છે તે અંગે મજકૂર અભ્યાસસમિતિની નીચેની ભલામણ.

"આથી આ બૉર્ડ અકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચેના પુસ્તકો ફર્સ્ટ ઇયર કૉમર્સના વર્ગો માટે ભલામણ કરેલા પુસ્તકો તરીકે મુકરર કરવા:

૧. દ્વિનેાંધી નામાની પદ્ધતિ – ભાગ ૧ – એમ. એસ. પરીખ

૨. દ્વિનેાંધી નામાની પદ્ધતિ – ભાગ ૧ – મનેાજ એચ. પારેખ.

It was felt after discussion as this meeting with the permission of the Chair that no body would come to forward to publish books in Gujarati for Mathematics to be taught at I.Com. Examination as the books cannot be marketable on account of very few candidates taking up the said optional subject. If the University be agreeable to publish the books this Board recommends to entrust writing books in Algebra and Finite Differences concerning courses of the Inter Commerce Examination to competent persons in the subject."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણેા મંજૂર કરવી.

૬૬. એમ.ઈ. ની પરીક્ષા પહેલાં એમ.એડ. ના વિદ્યાર્થીએ ડિસર્ટેશન મેાકલવાનું જરૂરી છે તે ડિસર્ટેશનની મુદત લંબાવી આપવા અને તે અંગેના રેગ્યુ. ૬૦ માં જરૂરી સુધારા કરવા બાબત પ્રિન્સિપલ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલ પત્ર અંગે એજ્યુકેશનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ.

" Resolved to recommend to the Academic Council that R. 60 be amended as under :

R. 60 :– A student appearing at the M. Ed. Examination shall submit his dissertation latest by 30th of April of the year in which he proposes to appear."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ અનુસાર સુધારેલેા રેગ્યુલેશન ૬૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૭. એન્શ્યન્ટ ઇન્ડિયન ઍાફ ઇસ્ટર્ન કલ્ચરની અભ્યાસસમિતિની નીચેની ભલામણેા.

૧. The Board resolves that as far as paper III of Ancient Indian Culture at M. A. is concerned, the literary and Linguistic data are to be studied as sources of culture. The teachers in the subject as well as the Examiners should be informed accordingly.

૨. એમ એ. ના એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરના વિષયોમાં પ્રશ્નપત્ર ૮ ગ્રુપ–૧ માટે જે પુસ્તકો સૂચવવામાં આવ્યા છે તેમાં "મૈત્રક કાલિન ગુજરાત ભાગ ૧–૨ કર્તા ડૉ. હરિપ્રસાદ ગ. શાસ્ત્રી. પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, એ પુસ્તક ઉમેરવું."
આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૬૮. સેકન્ડ એમ.બી.,બી.એસ. (નવા રૂલ્સ)ના ફાર્મો કૉલૉજી વિષયના પરીક્ષકોની નિમણૂક અંગે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પ્રોફેસર ડૉ. એ. ડી. જોસેફ તરફથી આવેલ પત્ર અંગે પ્રિ-ક્લીનીકલ સબ્જેક્ટ્સ કોમ્પ્રાઇઝીંગ એનેટોમી, ફિઝિયોલૉજી, વગેરેની અભ્યાસસમિતિની નીચેની ભલામણ.

"Resolved that the Examination Committee's attention should be drawn to the rules that there should be three teachers and one Physician for Practicals as far as possible."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ભલામણની નોંધ લેવી.

૬૯. ૧૯૫૬ના વર્ષમાં લેવાયેલી એમ એસ. પાર્ટ ૧ ના એપ્લાઇડ એનેટોમી ઍન્ડ એપ્લાઇડ ફિઝિયોલૉજીની પરીક્ષા પ્રશ્નપત્રોની હસ્તપ્રતો ઉપર વિચારણા કરવા અંગે ડૉ. રસિકલાલ જે. છાપનના પત્ર અંગે પ્રિ-ક્લીનીકલ સબ્જેક્ટ્સ કોમ્પ્રાઇઝીંગ એનેટોમી, ફિઝિઓલૉજી વગેરેની અભ્યાસસમિતિની નીચેની ભલામણ.

"Resolved that the Examiners were well within their competence in setting the papers for Branch IV."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ભલામણની નોંધ લેવી.

૭૦. ઑ. ૨૭૫ અને ૨૮૮ જે સિન્ડિકેટે રદ કરેલા તેને સેનેટે "રિફર બેક" કર્યા છે તો તે ઉપર વિચારણા કરવા સિન્ડિકેટે આ અભ્યાસસમિતિને વિચારણા કરવા માટે મોકલી આપેલા તે અંગે પ્રિક્લીનીકલ સબ્જેક્ટ્સ કોમ્પ્રાઇઝીંગ એનેટોમી, ફિઝિયોલૉજી વગેરેની અભ્યાસસમિતિની ભલામણ.

(નોંધ:– આ ઑર્ડિનન્સો "રિફર બેક" કરવામાં ચર્ચાનો મુદ્દો એ હતો કે આ પ્રશ્નપત્ર પર અભ્યાસસમિતિનો અભિપ્રાય જાણવો આવશ્યક છે.

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ નં. ૨૭૫ અને ૨૮૮ લાગતી વળગતી અભ્યાસ-સમિતિઓની વિચારણા માટે મોકલી આપવા."

નોંધ:– આના સંદર્ભમાં ઉપકુલપતિશ્રીએ ખુલાસો કર્યો હતો કે ઑર્ડિનન્સ નં. ૨૭૫ અને ૨૮૮ "રિફર બેક" થયેલા હોવા છતાં રદ થયેલા ચાલુ રહે છે, આ બાબતની ચર્ચાને અંતે એમ ઠરાવવામાં આવ્યું કે ઑ. નં. ૬૫–એસ. ની નીચે પ્રમાણે નોંધ ઉમેરવી.

" As there is only one Institution where a centre for M. D. and M. S. Part I has been instituted, the students registered at either of the institutions should be permitted the lectures at the centre where these lectures may be held."

નોંધઃ- આપણી યુનિવર્સિટીના ઑ, ૨૭૫ અને ૨૮૮ માં જે પ્રોવિઝન છે એવું પ્રોવિઝન ભારતની યુનિવર્સિટીઓમાં છે કે કેમ તે અંગે પુછાવેલું અને તેમના તરફથી આવેલા જવાબોમાંથી એમ જાણવા મળે છે કે તેવું પ્રોવિઝન બીજી યુનિવર્સિટીઓના એમ.ડી. અને એમ.એસ ના અભ્યાસક્રમોમાં નથી.)

પ્રિક્લીનીકલ સબ્જેક્ટ્સ, ફાર્મ્પ્રાક્ઝી'ગ એનેટોમી, ફિઝિયોલૅાજી વગેરેની અભ્યાસસમિતિની નીચેની ભલામણ

" Resolved that this meeting recommends to the Syndicate that the issue of certificates to students taking instructions in Part I of M. D. & M. S. should be continued in view of the fact that postgraduate teaching has been already instituted."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૭૧. ૧. ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઇન્સ્પેક્ટરોએ ફાર્મસી કૉલેજના ઇન્સ્પેકશન તથા ફર્સ્ટ ઇયર ફાર્મસીના ઇન્સ્પેકશન અંગે કરેલા રિપોર્ટ અંગે

અને

૨. ઇન્ટરમિડિયેટ ફાર્મસી (દ્વિતીય વર્ષ) માં ફરજિયાત વિષય તરીકે હિન્દીને દાખલ કરવામાં આવ્યું હોવાથી તે અંગેનો અભ્યાસક્રમ ઘડવા તેમજ રેગ્યુલેશન્સમાં સુધારો કરવા બાબત ફાર્મસીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"સિન્ડિકેટના ઠરાવ અનુસાર ઈન્ટરમિડિયેટ ફાર્મસીના "દ્વિતીય વર્ષમાં" હિંદીને ફરજિયાત વિષય તરીકે ઉમેરવા અંગે તેમજ ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઈન્સ્પેકશન અંગેના રિપોર્ટ ઉપર વિચારણા કરવામાં આવી હતી અને તેને અનુલક્ષીને કેટલાંક ઑર્ડિનન્સીઝ અને રેગ્યુલેશન્સમાં જરૂરી ફેરફાર કરવામાં આવ્યા હતા.

આથી આ અભ્યાસસમિતિ ઑકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આ સાથે આપેલ પરિશિષ્ટ પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સીઝ અને રેગ્યુલેશન્સ સ્વીકારવાં.

વધુમાં આ અભ્યાસમિતિ ઠરાવે છે અને ઑકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે હાલનો ઑર્ડિનન્સ નં. ૩૦૨-ઇ. કે જે અભ્યાસક્રમને લગતો છે અને તે બરાબર રે. ૨૦૨-ડી. ને અનુસરીને ઘડાયો છે તેને ઑર્ડિનન્સને બદલે રેગ્યુલેશન ગણવો અને તેને રેગ્યુલેશન નં. ૨૦૨-કે. (એ) એમ નામ આપવું તથા તે મુજબ સુધારો કરવો. અને ઑર્ડિનન્સ ૩૦૨-ઇ. જે નીચે મુજબ છે તેને ઉમેરવો.

O. 302-E. Candidates who have passed Intermediate Examination in Science of this University or of any other University recognised as equivalent to examination of this University shall be exempted from the prescribed courses and examination in Hindi."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ અનુસાર ઑર્ડિનન્સ ૩૦૨-ઇ. ને રેગ્યુલેશન નં. ૨૦૨-કે. એમ નામ આપવા તથા ઑર્ડિનન્સ ૩૦૨-ઇ. માં અભ્યાસ-સમિતિએ સૂચવ્યા મુજબ સુધારા કરીને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. (સુધારેલા ઑર્ડિનન્સીસ અને રેગ્યુલેશનોની નકલ સાથે પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે.)

૭૨. ઇન્ટર કૉમર્સના ફરજિયાત હિન્દીના માર્કસ અંગે હિન્દીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર કૉમર્સમાં ફરજિયાત હિન્દી દાખલ કરેલું હોવાથી તેના માર્કસનું વિભાગીકરણ નીચે મુજબ રાખવું.

Text-books (Prose and Poetry)	60 marks which includes ten marks for proverbs, Sayings, etc. *(30 marks for Prose and 30 marks for poetry)
Translation (From Hindi into English or a regional Language)	10 marks
Precis	
One third of the given passage	10 marks
Essay or letter writing	20 marks

* As only the prose text.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૭૩. અંગ્રેજીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"ઇન્ટરમિડિયેટ સાયન્સ અને ઇન્ટરમિડિયેટ એગ્રિકલ્ચર પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ માટે અંગ્રેજી વિષય માટે માર્કસનું વિભાગીકરણ નીચે મુજબ રાખવું અને તે સ્વીકારવા આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

60 marks for Texts
20 marks for Essay
20 marks for grammar."

૨૧/૨૨-૧૨-૧૯૫૬

(નોંધ:- વધુમાં આ અભ્યાસસમિતિની બેઠકમાં એમ નક્કી કરવામાં આવ્યું હતું કે ફૅકલ્ટીને તાકીદે નીચે મુજબની ખબર આપવી.

For the purpose of F. Y. and Inter Examinations of 1957 the question on grammar should cover the following topics:

1. Use of Articles
2. Use of Tenses
3. Correction of common errors
4. Direct & Indirect Speech.

ઉપર મુજબની ખબર ફૅકલ્ટીને તાકીદે આપવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૭૪. સંસ્કૃત અને પ્રાકૃતની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"વધુમાં ઠરાવવામાં આવે છે કે અને ઍકેડેમિક કાઉન્સિલને આથી ભલામણ કરવામાં આવે છે કે એમ.એ. માં સંસ્કૃતના શાસ્ત્રોના અભ્યાસમાંથી "૮ જૈન ફિલોસોફી" ના પેપર ૬ માંથી (બી) યોગ્યબિન્દુ હરિભદ્ર ૨૬ કરવું એટલે કે (૪) Jain Philosophy નું paper VI નીચે મુજબ રહેશે.

(a) પ્રવચનસાર કુન્દકુન્દ with the commentary of અમૃતચન્દ્ર
(b) યોગદ્રષ્ટિ સમુચ્ચય – હરિભદ્ર
(c) પ્રમાણમીમાંસા – હેમચંદ્ર

ઉપરનો સુધારો ૧૯૫૮ની પરીક્ષાથી અમલમાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એ. અર્ધમાગ્ધી પ્રાકૃત ૧૯૫૭ અને ૧૯૫૮ની પરીક્ષા માટે પહેલા પેપરમાં "લીલા વાઇકટા" આખી કરવાની છે તેની જગ્યાએ ૧ થી ૭૦૦ શ્લોકો અભ્યાસક્રમમાં મુકરર કરવા આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને આથી ભલામણ કરે છે.

વધુમાં આ અભ્યાસસમિતિ (a) Buddhist Philosophy માં યોગ્ય ફેરફાર કરીને ૧૯૫૮ તથા ૧૯૫૯ના પુસ્તકો નિયત કરવા માટે ચેરમેનને સત્તા આપે છે."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૭૫. ૧૯૫૭ ના વર્ષમાં લેવાનારી ફાર્મસીની અભ્યાસસમિતિને લગતી જુદી જુદી પરીક્ષાના પરીક્ષકોનાં પેનલો બનાવતી વખતે ફાર્મસીની અભ્યાસમિતિએ પસાર કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

ફાર્મસીની અભ્યાસસમિતિનો ઠરાવ

"The Board further resolves that the Internal Examiner should be the one who is teaching the subject at the College of Pharmacy affiliated to the University."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી નહિ.

૬૬. ૧૯૫૭ના વર્ષમાં લેવાનારી એકાઉન્ટીંગની પરીક્ષાના પરીક્ષકોની પેનલો બનાવતી વખતે એકાઉન્ટીંગની અભ્યાસસમિતિએ પસાર કરેલો નીચેનો ઠરાવ.

"The clause for a qualification of Professor is the one given by the University for teaching Professors. The last Board's resolution circumscribe appointment of Examiners to Professors only and that too they must be Chartered Accountant. This will include Professor with M.Com. only and Lecturers with long experience in teaching Accountancy to the concerned classes from becoming examiners. This is also not in keeping with rules laid down for Examiners. It is, therefore, resolved that the last Board's rules may be made applicable to external Examiners only."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૬૭. માર્ચ-એપ્રિલ ૧૯૫૬ના વર્ષમાં લેવાયેલી પરીક્ષાના કૉમર્સની અભ્યાસસમિતિ નીચે આવતા વિષયોના પરીક્ષકોના રિપોર્ટ ઉપર વિચારણા કરતી વખતે કૉમર્સની અભ્યાસ સમિતિએ પસાર કરેલો નીચેનો ઠરાવ.

" Resolved to recommends to the Syndicate that the Examiners be instructed to submit detailed reports on the performance of the candidates particularly in such a way that the observations made therein might prove useful for improving the teaching of the respective subjects."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૬૮. ફૅકલ્ટી ઑફ સાયન્સે પસાર કરેલો નીચેનો ઠરાવ.

"(1) (The Faculty of Science recommends to the Syndicate that for some years the question papers in Science subject (including Mathematics) be set both in English and in Gujarati and that examiners be instructed to see that they accept English equivalents as the terminology used by the students from already published books in Gujarati.

(2) It is resolved that instructions in question papers at B. Sc. and M. Sc. should be uniform in all Science Examinations. This question should be settled by a Commi ttee consisting of Chairman of Boards of each Science subject and of Mathematics."

૨૧/૨૨-૧૨-૧૯૫૬

૧. આથી ઠરાવવામાં આવે છે કે આગળ બાબત નં. ૩૧ પર આ અંગે નિર્ણય લેવાઈ હોવાથી આ વિષે કશું કરવાપણું રહેતું નથી.

૨. આ બાબતની વિચારણા કરવામાં આવી ન હતી.

૮૪. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીની નિમણુક કરવા બાબત.

	નામ	ડીગ્રી	વિષય
૧.	જહા ભાનુપ્રસાદ છોટાલાલ, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૯.	એમ.એસસી.	"Synthesis of Chalkones and related compounds & studies in Friedel Crafts reaction." **Internal Referee** Dr. G. C. Amin
૨.	શ્રી. ક્રિશ્ચિયન સીરીલ માર્ટિન, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૯.	એમ.એસસી.	"Studies in Fries Rearrangements" **Internal Referee** Dr. G. C. Amin
૩.	શ્રી. કોન્ટ્રાકટર સબાનઅલી જમાલભાઈ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯.	એમ.એસસી.	"Studies in Hetero Cyclic compounds." **Internal Referee** Prof. D. N. Shah
૪.	શ્રી. આયર સુબ્રમન્યમ હરીહર, બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.	એમ.એસસી.	"Physiological Studies on Rice-Plant." **Internal Referee** Dr. C. C. Shah
૫.	શ્રી. પટેલ રાવજીભાઈ શીવાભાઈ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	એમ.એસસી.	" Chemistry " Studies on the Cereal starches.
૬.	શ્રી. દેસાઇ મહેન્દ્રપ્રસાદ જશભાઇ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	એમ.એસસી.	" Chemistry " Study on oils of (1) Argenone Mexicana (2) Momordica Dioica
૭.	શ્રી. પટેલ શાંતિલાલ અંબાબાલ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	એમ.એસસી.	" Chemistry " The study of the Physics Chemical properties of fats.

	નામ	ડીગ્રી	વિષય
	શ્રી. શાહ પ્રવીણકુમાર ત્રીકમલાલ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	એમ.એસસી.	"Chemistry" Studies on Palse starches.
૯.	શ્રી. પ્રવીણસાગર શંકરલાલ સત્પંથી, એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ-૯.	એમ.એસસી.	"Chemistry" Synthesis of substituted Thio-Ureas and Studies in Coumarins and Chromones."
૧૦.	શ્રી. હસમુખ છગનલાલ મહેતા, એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ-૯.	એમ.એસસી.	"Chemistry" Investigation on Seed Oils of Gujarat.

કેમિસ્ટ્રીની અભ્યાસ સમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઉપર્યુક્ત વિદ્યાર્થીઓના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે નીચે મુજબના તેમના નામ સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવી:

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
૧. શ્રી. જાદવ ભાનુપ્રસાદ છોટાલાલ, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	1. Dr. G. V. Jadav, Subhadra Mahal, Gokhale Road, Dadar, Bombay. OR 2. Prof. Govindachari, Madras University, Madras.
૨. શ્રી. ક્રિશ્ચિયન સીરીલ માર્ટિન, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	1. Sr. S. M. Shethna, M. S. University of Baroda, Baroda. OR 2. Dr. K. N. Menon, Madras University, Madras.
૩. શ્રી. કૉન્ટ્રાક્ટર સબાનઅલી જમાલભાઈ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯.	1. Dr. R. C. Shah, National Chemical Research Laboratory, Poona. OR 2. Dr. K. C. Chakravarty, School of Tropical Medicine, Calcutta.

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
૪. શ્રી. આયર સુબ્રમન્યમ હરીહર, બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.	1. Dr. E. S. Narayanan, Agriculture College, Poona. OR 2 Dr. V. Subramanyam, Director of Central Food Research Institute, Mysore.
૫. શ્રી. પટેલ રાવજીભાઈ શીવાભાઈ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	1. Dr. K. S Nargund, Karnatak University, Dharwar. OR 2. Dr. G. M. Nabar, Deptt. of Chemical Technology, Matunga. Bombay.
૬. શ્રી. દેસાઇ મહેન્દ્રપ્રસાદ જશભાઈ, વી. પી મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	1. Dr. M. M. Chakravarty, Reader in Applied Chemistry (Oils & Fat) Uni. School of Science & Technology, 92, Upper Circular Road, Calcutta. 9. OR 2. Dr. R. N. Dhingra, Director, Harcowit Butler Technical Institute, Kanpur (U.P.)
૭. શ્રી. પટેલ શાંતિલાલ અંબાલાલ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	1. Dr. J. G. Kane, Deptt. of Chemical Technology, Matunga, Bombay. OR 2. Dr. C. B. Patel, M.Sc.,M.S.,Ph.D., Dy. Director of Industries, (& Industrial Chemistry) Bombay.
૮. શ્રી. શાહ પ્રવીણકુમાર ત્રીકમલાલ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	1. Dr. G. M. Nabar, Deptt. of Chemical Technology. Matunga, Bombay. OR 2. Dr. K. S. Nargund, Karnatak University, Dharwar.

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
૯. શ્રી. સત્પંથી પ્રવિણસાગર શંકરલાલ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ-૯.	1. Dr. M. O. Farooq, Muslim University, Aligarh, OR Dr. G. S. Sahriar, Delhi University, Delhi.
૧૦. શ્રી. મહેતા હસમુખ છગનલાલ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ-૯.	1. Dr. T. N. Mehta, Prof. of Oil Technology, Laxminarayan Institute of Technology, Amraoti Road, Nagpur (M.P.) OR 2. Dr. G. S. Agarwal, National Chemical Laboratory, Poona.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલ રેફરીઓની નિમણૂક કરવી.

૮૫. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીની નિમણૂક કરવા બાબત.

નામ	ડીગ્રી	વિષય
શ્રી. આર. જી. રાસ્તોગી, ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ-૯.	પીએચ.ડી.	"Studies on the Physics of the Ionosphere."

ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઉપર્યુક્ત વિદ્યાર્થીના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીની નિમણૂંક કરવી:

નામ	રેફરીનું નામ
શ્રી. આર. જી. રાસ્તોગી, ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ-૯.	1. Dr. R. D. Smith Rose, Director, Radio Research Station, Dittion Park, Slough, England.

નામ	રેફરીનું નામ
	OR
	2. Dr. W. J. G. Beymon, Deptt. of Physics, University College of Swansea, Swansea, Great Britain.
	OR
	3. Dr. K. Rawer, Ionospheric Research Station, Neuershausen, Freiburg, W. Germany."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થી તરફથી તેમનાં નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે મજકૂર અભ્યાસસમિતિએ સૂચવેલ રેફરીઓની નિમણૂક કરવી.

૮૬. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે રેફરીનો નિમણૂક કરવા બાબત.

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય
શ્રી. મજમુદાર હર્ષદરાય અંબાલાલ, બી. જે. ઈન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.	પીએચ.ડી.	'Cultural data supplied by some of the Sculptures at Patan, Modhera, Taranga and Abu **Internal Referee** Shri R. C. Parikh

ઍન્શ્યન્ટ ઇન્ડિયન ઍાફ ઇસ્ટર્ન કલ્ચરની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે શ્રી. હર્ષદરાય અંબાલાલ મજમુદારના પીએચ.ડી. ના મહાનિબંધ માટે રેફરી તરીકે પસંદગીના અનુક્રમે નીચેના બણ નામોની ભલામણ કરે છે તે સ્વીકારવી.

રેફરીનું નામ

૧. આચાર્ય શ્રી. મુનિ જિનવિજયજીમુનિ,
ઑન, ડાયરેક્ટર, રાજસ્થાન પુરાતત્વ મંદિર,
સંસ્કૃત કૉલેજ, ભવન, જયપુર.

૨. પ્રો ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ,
બનારસ હિન્દુ યુનિવર્સિટી, બનારસ.

૩. ડૉ. મોતીચંદ્ર,
પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઇ-૧."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૮૭ નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીની નિમણૂક કરવા બાબત

નામ	ડીગ્રી	વિષય
શ્રી. યુ. આર. પટેલ બી એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.	એમ.એસસી. એગ્રિ.	"Agronomy Response of Bidi Tobacco K.49 to some Organic Manures."

Internal Referee
(Prof. P. L. Patel)

એગ્રિકલ્ચરની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચેના વિદ્યાર્થી ના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષયના મહાનિબંધ માટે નીચેના રેફરીની નિમણૂક કરવી.

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
શ્રી. યુ. આર. પટેલ	ડૉ. એમ. એસ. પટેલ, સેક્રેટરી, ઇન્ડિયન, સેન્ટ્રલ ટોબેકો કમિટી, ૨૬, માઉન્ટ રોડ, મદ્રાસ."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી,

૮૮. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. આરિયા સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, નવસારીના શ્રી. સી. ટી. ભોપટકરનો પીએચ.ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ તપાસવા માટે નીમાયેલ એકસ્ટર્નલ રેફરી સર સર્વપલ્લી રાધાકૃષ્ણને પોતાની અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ બીજા એકસ્ટર્નલ રેફરી નીમવા બાબત.

(નોંધ:- બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ફિલોસોફીએ નીચેના વધારાના રેફરીની પણ ભલામણ કરી હતી.

પ્રિન્સિ. કે. વી. ગજેન્દ્રગડકર,
એચ.પી.ટી. કૉલેજ, નાસિક.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકુર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૮૯. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ ઉપર સ્ટે. ૧૧૮ (૬) પ્રમાણે (૧) ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ ઍન્જિનિયરીંગ અને (૨) એગ્રિકલ્ચર ફૅકલ્ટીમાથી સેનેટના સભ્યો હોય તેવા અને માન્ય અનુસ્નાતક શિક્ષક હોય તેવા દરેકમાંથી એક એક સભ્ય નીમવા બાબત.

(નોંધ:- બીજી ફૅકલ્ટીઓમાંથી નીચે પ્રમાણે સભ્યો છે ફક્ત આ બે જ ફૅકલ્ટીમાં ખાલી જગ્યાઓ છે.

૧.	પ્રિન્સિ. એલ આર. દેસાઇ	આર્ટ્સ ઇન્કલ્યુડિંગ એજ્યુકેશન
૨.	પ્રિન્સિ. જે. બી. સાન્ડિલ	સાયન્સ
૩.	પ્રિન્સિ. એમ. એમ. ઠાકોર	લૉ
૪.	ડૉ. એમ ડી. દેસાઇ	મેડિસિન
૫.	પ્રિન્સિ. ડી. આર. સામન્ત	કૉમર્સ.)

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ પર ટેકનોલૉજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરીંગમાંથી પ્રિન્સિપલ ચંદ્રશેખર અઈયાની નિમણૂક કરવી તથા ફૅકલ્ટી ઑફ એગ્રિકલ્ચરમાંથી કોઇની નિમણૂક કરવી નહિ.

૯૦. પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક અંગેના નિયમોમાં થોડાક સુધારા કરવા અંગેના પ્રોફેસર પી. ડી. પાઠકના પત્રમાંના સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાશ્નિકો અને પરિક્ષકોની નિમણૂક અંગે જે શૈક્ષણિક અનુભવની જરૂર હાલના નિયમ પ્રમાણે છે તે શૈક્ષણિક અનુભવ અરજીની તારીખથી ગણતાં તે અગાઉના ત્રણ વર્ષ દરમિયાન બંધ થયેલો હોવો જોઇએ નહિ એ પ્રમાણે નિયમોમાં ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯૨. રાજ્યપુનર્રચનાના પરિણામે કર્ણાટક યુનિવર્સિટી નવા મુંબઇ રાજ્યમાં રહેતી ન હોવાથી અને નવી સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠ અને નાગપુર યુનિવર્સિટી આ રાજ્યમાં આવેલી હોવાથી તેમજ હિંદની બીજી યુનિવર્સિટીઓમાંથી આવતા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં દાખલ કરવામાં કેટલીક મુશ્કેલીઓ અનુભવવી પડતી હોવાથી નીચેનો ઑર્ડિ. ૭૧ યોગ્ય રીતે સુધારવા વિચારણા કરવા બાબત.

O. 71 :- The term or terms kept by any student migrating from the Bombay, Poona, Karnatak and Baroda Universities in the State of Bombay shall be recognised up to 31st May 1957 for the purposes of keeping terms for appearing at any examination of this University provided that the student keeps at least one term immediately preceding the examination in this University and provided further that the student has not utilised the terms kept by him at any of the Universities mentioned above for appearing at the examination of any of the said

Universities and has become an ex-student of any such University. This benefit shall not apply to a student migrating from any of the above mentioned Universities which does not grant the same privilege to a student of this University.

(નોંધ:– ઑર્ડિ. ૭૧ નીચે જણાવેલ બે કારણોથી સુધારવાનો છે:

૧. રાજ્યપુનર્રચનાના પ્રશ્નથી

૨. હિંદની બીજી યુનિવર્સિટીઓમાંથી આ યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓને દાખલ કરવામાં કેટલીક મુશ્કેલીઓ અનુભવવી પડતી હોવાથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના મુદ્દા નં. ૧ અને ૨ ને અનુલક્ષીને ઑર્ડિનન્સ ૭૧ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯૫. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પૂના તરફથી મધ્યસ્થ સરકારના કેળવણી ખાતાના મંત્રીનો યુનિવર્સિટી કેળવણીમાં ડીગ્રી કોર્સ લેવલે સુધારા અંગેની દરખાસ્તો બાબતના તા. ૧૨–૮–૫૬ના પત્રાંક એફ. ૧૦૧૧–૫૫–એ. ૧ માં અન્ડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમના ચાલુ પ્રથમ વર્ષને પ્રીયુનિવર્સિટી કોર્સ તરીકે ગણવા અંગેની બાબત પર વિચારણા કરવા ધ્યાન ખેંચતા આવેલ તા. ૨૧–૧૨–૫૬ના પત્રાંક ૬૫૩–એ. ૫૨ વિચારણા કરવા બાબત.

(નોંધ:– આ બાબત અંગે બૉર્ડ ઑફ યુનિ. ટીચીંગની તા. ૧૮–૧૨–૫૬ ની સભામાં થયેલો ઠરાવ નીચે પ્રમાણે છે:

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતનો બનતી ત્વરાએ અમલ કરવો એમ આ બૉર્ડનો અભિપ્રાય છે અને ઍકેડેમિક કાઉન્સિલને તે અંગે ઘટતાં પગલાં લેવા ભલામણ કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત આગળ બાબત નં. ૪૦ માં નીમેલી સમિતિને વિચારણા માટે મોકલવી તથા મજકૂર સમિતિને આ બાબત અંગેની યોજના તા. ૧–૩–૧૯૫૭ સુધીમાં રજૂ કરવા જણાવવું.

૧૦૧. બેંગાલીની એડ-હોક કમિટીની નીચે મુજબની ભલામણ.

"વધુમાં આ સમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બેંગાલી વિષયના બેંગાલી ભાષા અને સાહિત્યને લગતાં પુસ્તકો ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરીમાં હોવા એ આવશ્યક છે જેથી અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો નક્કી કરતી વખતે મદદરૂપ નીવડે."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત વિચારણા મોકૂફ રાખવી.

૧૦૪. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીની નિમણૂક કરવા બાબત.

નામ	ડીગ્રી	વિષય
પ્રો. આર. જી. આસ્તી બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, ભદ્ર, અમદાવાદ.	પીએચ.ડી.	"Mahakavyas in Relation to the Definition of the Mahakavya in the Alamkarasastra."

nternal Referee
Shri R. C. Parikh

સંસ્કૃત અને પ્રાકૃતની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચેના વિદ્યાર્થી તરફથી આવેલ મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવી:

વિદ્યાર્થીનું નામ	રેફરીનું નામ
૧. પ્રો. આર. જી. આસ્તી બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, ભદ્ર, અમદાવાદ.	૧. મહામહોપાધ્યાય ડૉ. પી. વી. કાણે, આંગ્રેવાડી, ગીરગામ, મુંબઇ ૪. અથવા ૨. ડૉ. આર. એન. દાંડેકર, યુનિવર્સિટી ઑફ પૂના, ગણેશખીંડ, પૂના-૭. અથવા ૩. ડૉ. વી. આર રાઘવન, યુનિવર્સિટી ઑફ મદ્રાસ, મદ્રાસ."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિ ની ભલામણ મંજૂર કરવી.

૧૦૫. સંસ્કૃત અને પ્રાકૃતની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓની આ અભ્યાસસમિતિ આથી અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પ્રાકૃત અને પાલી ભાષાઓની એક અલગ અભ્યાસસમિતિ કરવી અને તે અંગે સ્ટે. ૧૦૮ માં જરૂરી ફેરફાર કરવા ઘટતાં પગલાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી

૧૦૬. સંસ્કૃત અને પ્રાકૃતની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"આથી આ અભ્યાસસમિતિ અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે:

૧. બી. એ. સંસ્કૃતના અભ્યાસક્રમની પુનર્વિચારણા કરવામાં આવી હતી અને તેના ઉપર સંપૂર્ણ વિચારણા કર્યા બાદ આ સાથે આપ્યા મુજબનો સુધારેલો રેગ્યુ. ૧૮-સંસ્કૃતનો

અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યો હતો જેને સ્વીકારવો અને તેને જૂન ૧૯૫૭ થી અમલમાં લાવવો.

૨. ઉપરના સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને ૧૯૫૯ ના વર્ષમાં લેવાનારી બી.એ. સંસ્કૃતની પરીક્ષા માટેના પાઠયપુસ્તકોની પુર્નવિચારણા કરવામાં આવી હતી અને તેમાં જરૂરી ફેરફાર કરવામાં આવ્યા હતા. સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને નિયત કરેલાં અને આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના પાઠયપુસ્તકોને મંજૂર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

(રે, ૧૮માં થતા સુધારાની અને પાઠયપુસ્તકોની યાદીની નકલ આ સાથે પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૧૦૬. યુનિવર્સિટી પબ્લિક સર્વિસ કમીશન તરફથી લેવાતી આઈ. એસ. વગેરે પરીક્ષા માટે આ યુનિવર્સિટી તરફથી ચલાવાતા વર્ગોમાં પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓને આકર્ષવા માટે આવતા જુનથી દર મહિને રૂા. ૫૦ ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ કાઢવા માટે અને તે અંગેના વાર્ષિક રૂા. ૧૮૦૦ ના ખર્ચની મંજૂરી આપવા શ્રી. વાઇસ-ચાન્સેલર અને વર્ગના કન્વીનરોની ભલામણ ઉપર સિન્ડિકેટનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન તરફથી લેવાતી આઇ. એ.એસ. વગેરે પરીક્ષા માટે આ યુનિવર્સિટી તરફથી ચાલતા વર્ગોમાં પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓને આકર્ષવા જૂન ૧૯૫૭ થી દર મહિને રૂા. ૫૦ ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ કાઢવા સિન્ડિકેટ અને સેનેટને ભલામણ કરવી.

૧૦૮. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ ની કલમ ૨૩ (૨) Class II-Ordinary members (a), અનુસાર સેનેટના નીચે જણાવેલ સભ્યને ફેકલ્ટી "એસાઇન" કરવા બાબત.

નામ	હોદ્દો
લેફ્ટેનન્ટ કર્નલ જસ્ટીસ કે. ટી. મંગલમૂર્તિ બી.એસસી.,એલ.એલ.બી., આઈ.સી.એસ.	સેનેટના સભ્ય વાઇસ-ચાન્સેલર, નાગપુર યુનિવર્સિટી.

આથી ઠરાવવામાં આવે છે કે લેફ. કર્નલ જસ્ટીસ કે. ટી. મંગલમૂર્તિને ફેકલ્ટી ઑફ લૉ "એસાઇન" કરવી.

૧૧૦. ભૂગોળના સુધારેલા અભ્યાસક્રમ અંગે ભૂગોળની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

'પ્રોફેસર આઇ. યુ. ફવેએ ભૂગોળની અભ્યાસસમિતિના ચેરમેન શ્રી. જી. બી. આઝા સાથે વિચારણા કરી રજૂ કરેલા ભૂગોળના સુધારેલા નવા અભ્યાસક્રમ અંગે વિચારણા કરવામાં આવી હતી અને તેમાં જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા હતા.

આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે :

૧. પ્રથમ વર્ષ આર્ટ્સ, ૨. દ્વિતીય વર્ષ આર્ટ્સ, ૩, બી.એ. (જનરલ) નો ભૂગોળનો સુધારેલો અભ્યાસક્રમ તથા બી.એ. (સ્પેશિયલ) અને ૫ બી.એસસી. (પ્રિન્સિપલ) માટે ભૂગોળના નવા અભ્યાસક્રમ, જે આ સાથે સુધારેલા રેગ્યુલેશન ૯, ૧૧, ૧૮, તથા ૭૭ તરીકે આપવામાં આવેલ છે તેને સ્વીકારવો.

૨. બી.એ. (સ્પેશિયલ) માટે ભૂગોળના અભ્યાસક્રમને "ગ્રૂપ કે" તરીકે બી.એ. પોલિટિકલ સાયન્સ "ગ્રૂપ-જે" પછી ઉમેરવો અને તે અનુસાર આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ રે, ૧૬ માં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે તેને સ્વીકારવો.

૩. વધુમાં કરાવવામાં આવે છે કે બી.એસસી. માં ભૂગોળના વિષયને પ્રિન્સિપલ વિષય તરીકે દાખલ કરવામાં આવેલ હોવાથી રે. ૭૪ માં "Geography (as a subsidiary subject) એમ લખેલું છે તેમાંથી "as a subsidiary subject" એટલા શબ્દો કમી કરવા."

આથી કરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

(રે. ૯, ૧૧, ૧૬, ૧૮, ૭૪ તથા ૭૭માં થતા સુધારાની નકલ આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૧૪. નીચેની બાબત સહાનુભૂતિ સાથે વિચારવા અંગે જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદના સંસ્કૃતના લેક્ચરર શ્રી. એચ. જી. દેસાઈ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"Teachers in Languages at Colleges affiliated to our Gujarat University are allowed to appear at the M. A. Degree Examination in 'Hindi' upto the year 1957 without keeping the necessary terms. I along with some College teachers desire to avail of the concession so given.

I therefore, request that the time limit for the above concession be extended and thus confer the favour of allowing me and others to appear at the M. A. Degree Examination to be held in April 1958."

(નોંધ:- આ અંગે શ્રી. ડોલરરાય ર. માંકડના નીચેના ઠરાવ ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૫-૧૨-૧૯૫૩ની બેઠકમાં (આઇટેમ નં. ૯૭) મંજૂર કરી છે:

"જેમણે એમ.એ. ની પરીક્ષા કોઇ પણ ભાષાને મુખ્ય વિષય તરીકે રાખીને પસાર કરી હોય અને જેઓ આ યુનિવર્સિટીની કોઇ પણ કૉલેજમાં અધ્યાપકનું કામ કરતા હોય તેમને હિન્દી મુખ્ય વિષય લઇને એમ.એ. ની પરીક્ષા ફરીને નવેસરથી ટર્મ્સ રાખ્યા વગર આપવાની છૂટ ૧૯૫૪, ૧૯૫૫ અને ૧૯૫૬ ની પરીક્ષાઓ માટે આપવી."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડોલરરાય ર. માંકડનો ઠરાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોમાં ભાષાઓ શીખવતા શિક્ષકોને ખાસ કેસ તરીકે હિન્દીના વિષયમાં સત્ર રાખ્યા વિના એમ.એ. ની પરીક્ષા જૂન ૧૯૫૮ સુધી આપવા માટે છૂટ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૬ જર્મન, ફ્રેન્ચ, પોર્ટુગીઝ અને રશિયનની ઓડ હેડ કમિટીની નીચે મુજબની ભલામણ.

"પ્રથમ વર્ષ આર્ટ્સ ૧૯૫૭ની પરીક્ષા માટે નિયત કરેલું નીચેનું પાઠયપુસ્તક બજારમાં અપ્રાપ્ય હોવાથી તેની જગાએ alternative પાઠયપુસ્તક નિયત કરવા અંગે વિચારણા કરવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું હતું કે પાઠયપુસ્તકને બદલે તે પરીક્ષા માટે તેની સામે જણાવેલ પાઠયપુસ્તકને alternative પાઠયપુસ્તક તરીકે નિયત કરવું અને તે સ્વીકારવા આથી આ સમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે:

પહેલાં નિયત કરેલું પાઠયપુસ્તક	મૂળ પાઠયપુસ્તકની જગ્યાએ "ઓલ્ટરનેટિવ" તરીકે મુકરર કરેલું પાઠયપુસ્તક
" ohoix de poesies faciles (Harrap)"	" Racine : Les Plaidenes (Blackie 2 series London, Glasgow) OR A French Poetry Book (Metheus Co., London) First 60 pages only."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૧૧૭. કૉમર્સની અભ્યાસસમિતિ તથા અૅકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના હુકમથી નીચે મુજબની વિગતની જાણ આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી તમામ કૉલેજોને કરવામાં આવી હતી તેને બહાલી આપવા બાબત.

૧. "કૉમર્સનો અભ્યાસસમિતિના ચેરમેનની ભલામણ અનુસાર અને મજકૂર અભ્યાસસમિતિ તથા અૅકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉમર્સ કૉલેજના પ્રિન્સિપલોને આથી જણાવવાનું કે ઇન્ટરમિડિયેટ કૉમર્સના સેક્રેટરિયલ પ્રેકટીસના અભ્યાસ માટે Company Act of 1956 નવો કંપની ધારો શીખવવો."

૨. "ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉમર્સ કૉલેજોના પ્રિન્સિપલોને ઉપકુલપતિ-શ્રીના હુકમ અનુસાર આથી જણાવવામાં આવે છે કે કૉમર્સના વર્ગોમાં જે જે વિષયો કંપનો ધારાને અનુલક્ષીને શીખવાતા હોય તે તે વિષયો નવા કંપની ધારાને અનુલક્ષીને શીખવવા એટલે કે જૂનાને બદલે નવા કંપની ધારાનો અભ્યાસ કરાવવો. ઉપરનો સુધારો જૂન ૧૯૫૬ થી અમલમાં આવેલો ગણવો એટલે કે ઇન્ટર કૉમર્સની ૧૯૫૭ની પરીક્ષાથી અમલમાં આવેલો ગણાશે."

કૉમર્સની અભ્યાસ સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના કાર્યને બહાલી આપવા આથી આ બૉર્ડ અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૧૧૮. સોશિયોલૉજીના અભ્યાસક્રમને અનુલક્ષીને ડૉ. તારાબહેન પટેલ અને મિસ જે. પી. મિસ્ત્રીના આવેલા પત્ર અંગે સોશિયોલૉજી અને ઍન્થ્રોપોલૉજીની અભ્યાસ-સમિતિની નીચે મુજબની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. તારાબહેન પટેલ તથા મિસ જે. પી. મિસ્ત્રીને નીચે મુજબ જવાબ આપવો:

(1) Details of Backward Classes are given in the Report of the Commission of Backward Classes of India, printed by the Government of India, Home Ministry and Annual Report of the Commissioner for Scheduled Castes and Tribes.

(2) Archaeology of India is expected to cover pre-history, proto-history, and historical antiquities of India.

(3) Ethnology of India is expected to cover the ethnological discussion of the castes, reces and tribes of India.

(4) Social process, social change and social evolution are expected to be taught under the head of "General Sociology."

(5) Details of Europe and China will be as under :

'Paleolithic Europe, Neolithic and Metal Ages.'

'Chinese Civilization upto the end of be 12th Century.' "

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

૨૨૧. સોશિયોલૉજીના અભ્યાસક્રમમાં ફેરફાર કરવા અંગે ડૉ. તારાબહેન પટેલ તરફથી આવેલ પત્ર અંગે સોશિયોલૉજી અને એન્થ્રોપોલૉજીની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ.

"આથી આ અભ્યાસસમિતિ અકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આપણા દેશની પરિસ્થિતિને અનુલક્ષીને, ઇન્ટરમિડિયેટ આર્ટ્સના સોશિયોલૉજીના સુધારેલા અભ્યાસક્રમને આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટમાં આપ્યા મુજબનો સ્વીકારવો અને તે સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને તે વિષય માટે ભલામણ કરેલાં પુસ્તકોને મુકરર કરવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સુધારેલા અભ્યાસક્રમને જૂન ૧૯૫૭થી એટલે કે ૧૯૫૮ ની પરીક્ષાથી અમલમાં લાવવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.એ. તથા એમ.એ. ના સોશિયોલૉજીના અભ્યાસક્રમમાં જરૂરી સુધારા વધારા કરવા અંગે વિચારણા કરવામાં આવી હતી અને ફક્ત બી એ. ના અભ્યાસક્રમની વિચારણા કરવામાં આવી હતી અને તેને છેવટની નકલ કરવા અને એમ.એ. ના અભ્યાસક્રમની વધુ વિચારણા કરવા માટે આ અભ્યાસસમિતિની Adjourned meeting ૧૯૫૭ના જાન્યુઆરીના બીજા સપ્તાહમાં અનુકૂળ તારીખે બોલાવવી."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી.

રે. ૧૧ (૫) સોશિયોલૉજીમાં થતા સુધારાની નકલ તથા પુસ્તકોની યાદી આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

સમયના અભાવે બાકીનાં કામકાજ હાથ ધરી શકાયાં ન હતાં અને સભ્યોની હાજરીનું પ્રમાણ જોતાં સભા તા. ૨૩–૧૨–૫૬ના રોજ નહિ ભરાય એમ ઉપકુલપતિશ્રીએ જાહેર કર્યું હતું.

નં. ઍકે. કા. ૨૮૧૨–૫૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯. તા. ૨૨–૧–૧૯૫૭.

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "કુ"
કામકાજ નં. ૪

S. 173. For admission to the First Year Arts, the First Year Science, the First Year Commerce and the First Year Agriculture Classes and the First Year Diploma Class in Pharmacy, an applicant must have passed :

I The Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination Board of the Bombay State in the following subjects with at least 35% of the total marks in each head;

(1) Hindi (at higher or lower level);

(2) One of the following Languages :
(1) Gujarati, (2) Marathi, (3) Kannada, (4) Tamil, (5) Telugu, (6) Urdu, (7) Sindhi, (1) Bengali, (9) Malayalam, (10) Punjabi (at higher or lower level), (11) Additional English :

(3) & (4) Any two of the following :
(1) Social Studies; (2) General Science or Physics and Chemistry; (3) Elementary Mathematics or Geometrical and Machine Drawing ;

(5) English (at higher or lower level);

(6) & (7) Any two subjects from groups *2 to 6 as allowed and consistent with the Rules of the Secondary School Certificate Examination Board for passing the Secondary School Certificate Examination.

---

*The following subjects prescribed under Groups II to VI of the S. S. C. Examination syllabus can come under these heads provided they are selected in conformity with the rules of S. S. C. Examination :

(1) French, (2) German, (3) Spanish, (4) Italian, (5) Portuguese, (6) Sanskrit, (7) Pali, (8) Ardha-Magadhi, (9) Arabic, (10) Persian, (11) Avesta-Pahlavi, (12) Latin, (13) Hebrew, (14) Greek, (15) Social Studies, (16) General Science, (17) Elementary Mathematics, (18) Geometrical and Machine Drawing, (19) History, (20) Geography, (21) Physics and Chemistry, (22) Physiology and Hygiene, (23) Botany and Zoology. (24) Algebra and geometry, (25) House Craft, (26) Tillage and soil Management, (27) Crop and Animal Husbandry, (28) Elements of Commerce, (29) Book-keeping and Accounts, (30) Mechanical Engineering, (31) Electrical Engineering, (32) Workshop Technology-Grade I, (33) Workshop Technology-Grade II, (34) Surveying, (35) Building Materials and Construction, (36) Wood work Technology, (37) Furniture Design and Estimating, (38) Dyeing Techonology of Textile Fabrics, (39) Radio Engineering, (40) Hand Spinning and Hand Weaving, (41) Weaving (power), (42) Radio Service Work, (43) Typography, (44) Arithmetic, (45) Indian Administration and Civics, (46) Indian Music, (47) European Music, (48) Tailoring and Cutting, (49) Tailoring, Embroidery and Fancy Work, (50) Shorthand, (51) Typewriting, (52) Arts, (53) Elements of Mechanical and Electrical Engineering.

OR

II The School Leaving Certificate Examination held by the Government of Bombay under the following conditions :

(a) The holder of the School Leaving Certificate, who has completed and passed in the courses laid down for Agricultural Schools, is deemed eligible for admission to the First Year Science Course;

(b) the holder of the School Leaving Certificate, who has completed and passed in the courses laid down for Technical Schools, is deemed eligible for admission to the First Year Science Course;

(c) the holder of the School Leaving Certificate, who has completed and passed in the courses laid down for Commerce Schools, is deemed eligible for admission to the First Year Commerce Course;

(d) the holder of the School Leaving Certificate, who had attended a vocational School and passed the examination for the course concerned, and who seeks admission to the First Year Course in Arts, is deemed eligible for admission thereto, provided he passes in a test in a Classical Language of the S.S.C.E. standard.

OR

III The Entrance Examination, if any, which may be instituted by the University with the consent of the State Government.

OR

IV Any other exmanition recognised by the University as equivalent to any of the examinations named above and which satisfies such other conditions as may be laid down in granting such equivalence.

OR

V The S. S. C. Examination passed by the condidate before March 1957 if passed with subjects specified in Statute 173 before revision.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૪૨

સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એકઝામીનેશન્સની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં બુધવાર તા. ૧૯-૧૨-૧૯૫૬ના રોજ સાંજના ૪-૩૦ કલાકે મળી હતી તે સમયે સભાસદોની હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૩.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર,
૪.	પ્રો. એલ. આઈ. ભટ	ગેરહાજર,
૫.	શ્રી. એચ. પી. શુકલ	હાજર,
૬.	ડૉ. એન. આર. દેસાઇ	ગેરહાજર,
૭.	પ્રિન્સિપલ એસ. વી. દેસાઇ	ગેરહાજર,
૮.	પ્રિન્સિપલ વલ્લભરામ વી. વૈદ્ય	હાજર.

૧. તા. ૧૭-૨-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૭-૨-૧૯૫૬ ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. ગ્રેજ્યુએટ બેઝિક ટ્રેનીંગ સેન્ટર, રાજપીપળાના સર્ટિફિકેટને આ યુનિવર્સિટીની બી.ઇડી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા બાબત.

(નોંધ:- તા. ૧૭-૨-૧૯૫૬ના રોજ મળેલી ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની સભામાં નીચે મુજબનો ઠરાવ થયો હતો:

"આથી આ કમિટી ઠરાવે છે કે ગ્રેજ્યુએટ બેઝિક ટ્રેનિંગ સેન્ટર, રાજપીપળાના સર્ટિફિકેટને આ યુનિવર્સિટીની બી.ઇડી. તુલ્ય માન્ય કરવું નહિ."

ઉપર મુજબના ઠરાવના જવાબમાં ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનો આવેલો પત્ર તા. ૧૬-૬-૧૯૫૬ના રોજ મળેલી અૅકેડેમિક કાઉન્સિલની સભામાં મૂકવામાં આવ્યો હતો. તે અંગે નીચે મુજબ ઠરાવ થયો હતો:

"આ બાબત સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સને રીફર કરવી."

સ્ટેટની કોઇપણ યુનિવર્સિટીએ ઉપર્યુક્ત પરીક્ષા માન્ય કરી નથી.

ચેરમેન બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનનો અભિપ્રાય નીચે મુજબ છે:

"The syllabus followed by the Graduate's Basic Training Centre, is on the whole richer the syllabus for B.Ed. as it meets the needs of ordinary secondary teachers as well as post-basic school teachers. The syllabus is practically the same as the one prescribed for B. Ed. except Paper VI which gives option between Educational Statistics and systems of Education in other countries. This omission is not serious and I think the diploma may be considered equivalent to the B. Ed. course on the whole. I feel that the students securing this diploma will be able to prepare for M.Ed. of any other University."

ઉપરના અભિપ્રાયના અનુસંધાનમાં નીચેનો ફકરો પછીથી ઉમેરવામાં આવ્યો હતો:

"The syllabus of the Basic Training Centre does not include experimental work in Educational Psychology although the Theory of Intelligence and Mental testing in General is included. This should not come in the way of the equivalence of the diploma with the B. Ed. degree course."

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ગ્રેજ્યુએટ બેઝિક ટ્રેનિંગ સેન્ટર, રાજપીપળાના સર્ટિફિકેટને આ યુનિવર્સિટીની બી.ઇડી. પરીક્ષા તુલ્ય માન્ય કરવું

૩. તા. ૧૭-૧૨-૧૯૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇક્વીવેલન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ અનુસાર લંડન યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ ઇન એજ્યુકેશન તથા ઍકેડેમિક ડીપ્લોમા ઈન એજ્યુકેશન ડીપ્લોમાં માન્ય કરવામાં આવ્યા નથી તેમ જણાવતા ઈન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડીયાના સેક્રેટરી તરફથી ફરી વિચારણા માટે આવેલો પત્ર. નકલ સામેલ કરી છે.

નોંધ:- સ્ટેટ યુનિવર્સિટીઓને પૂછાવતાં નીચે મુજબ જવાબ આવ્યા છે:

૧. મુંબઈ યુનિવર્સિટીએ પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશન બી. ટી. તુલ્ય માન્ય કર્યું છે. એમ.એ. ડીગ્રી ઈન એજ્યુકેશન એમ.ઈડી. તુલ્ય માન્ય કરી છે. પરંતુ ઍકેડેમિક ડીપ્લોમા ઈન એજ્યુકેશન માન્ય કર્યો નથી.

૨. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાએ પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશન બી. ટી. તુલ્ય માન્ય કર્યું છે અને ઍકેડેમિક ડીપ્લોમા ઈન એજ્યુકેશન એમ.ઈડી. તુલ્ય માન્ય કર્યો છે.

૩. કર્ણાટક યુનિવર્સિટીએ બેમાંથી એકેય પરીક્ષા માન્ય કરી નથી.

૪. પુના યુનિવર્સિટી લખી જણાવે છે કે:

આવા કેસો સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સ આગળ વિચારણા માટે મૂકવામાં આવે છે.

આથી આ કમિટી લંડન યુનિવર્સિટીના ફકત પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશનને બી.ઇડી. તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કર છે.

૪. લંડન યુનિવર્સિટીની જનરલ સર્ટિફીકેટ ઑફ એજ્યુકેશનની પરીક્ષા માન્ય કરવા બાબત.

તા. ૫-૭-૫૫ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલન્સ ઑફ એકઝામીનેશન્સના ઠરાવ અનુસાર જનરલ સર્ટિફીકેટ ઑફ એજ્યુકેશનની પરીક્ષા માન્ય કરી હતી. ત્યારબાદ એક વિદ્યાર્થીની અરજીની ચકાસણી કરતાં જણુ થઇ કે સદરહુ પરીક્ષા વિષય (Subject) પરીક્ષા છે. તેથી મુંબઇ યુનિવર્સિટીને પૂછાવતાં તે યુનિવર્સિટીએ ફરી વિચારણા કરી નીચેની શરતોએ ઉપર્યુકત પરીક્ષા મેટ્રીકયુલેશન તુલ્ય માન્ય કરી છે.

" If passed in English, Additional Language, History or Geography, Mathematics, and one other subject or if passed in five or more subjects but with credit in at least four of them at the same Examination."

રેગ્યુલેશન ૭ મુજબ કેમ્બ્રિજ યુનિવર્સિટી સ્કૂલ સર્ટિફીકેટ એકઝામિનેશન પણ ઉપરની શરતોએ જ માન્ય કરી છે.

તો ઉપરની પરીક્ષા માટે ઉપરની શરતો આપણે અપનાવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લંડન યુનિવર્સિટીની જનરલ સર્ટિફીકેટ ઇન એજ્યુકેશનની પરીક્ષા ઈંગ્લીશ, એડીશનલ લેંગ્વેજ, હીસ્ટ્રી અગર જયોગ્રોફી, મેથેમેટીકસ અને બીજો ગમે તે એક વિષય અગર પાંચ અથવા વધુ વિષયમાં ઓછામાં ઓછી એકજ પરીક્ષામાં (at the same examination) ચાર ક્રેડીટ સાથે પાસ કરી હોય તો તેને મેટ્રીકયુલેશન તુલ્ય ગણવી. રે. ૭માં તે પ્રમાણે જરૂરી ફેરફાર કરવો.

૫. રાજપુતાના યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષા માન્ય કરવા બાબત.

તા. ૧૭-૨-૧૯૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ મુજબ, ડીન, ફેકલ્ટી ઑફ કોમર્સનો અભિપ્રાય મંગાવવામાં આવ્યો હતો, જે નીચે મુજબ છે.

" The courses of studies in Commerce and standard of passing of the B.Com. Examination of the Rajputana University are not equivalent to those of this University. The equivalence may be considered in cases of students who passed in Class II or I."

Baroda and Bombay Universities have recognised the B. Com. Examination of Rajputana University for the purpose of admission to the M. Com. degree Classes, on the following condition :

"B. Com. Examination if passed with Advanced Accountancy and Auditing of Advanced Banking as a special subject for Admission to the M. Com. Course, provided the candidate appears and passes the B.Com. Examination of this University without being required to keep any terms in the following subjects :

1. Two papers in Principles of Economics.
2. One paper in Modern Economic Development."

Poona and Karnatak Universities have recognised the B. Com. Examination of the Rajputana University.

આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે રાજપુતાના યુનિવર્સિટીની બી.કોમ. પરીક્ષા એમ.કોમમાં દાખલ થવા માટે નીચેની શરતોએ અરસપરસના ધોરણે માન્ય કરવી.

"B. Com. Examination if passed with Advanced Accountancy and Auditing or Advanced Banking as a special subject, provided the candidate appears and passes the B. Com. Examination of this University without being required to keep any terms in the following subjects :

1. Two papers in principles of Economics.
2. One paper in Modern Economic Development.

૬. રાજપુતાના યુનિવર્સિટીની બી કોમ. પરીક્ષા પાસ કરીને શ્રી. પી. આર. જૈને ફર્સ્ટ એલએલ.બી. માં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફીકેટ માગેલું જે તેમના જોખમે સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની મંજૂરીની અપેક્ષાએ ડીન, ફેકલ્ટી ઑફ કૉમર્સના અભિપ્રાયના આધારે આપ્યું છે તેને બહાલી આપવા બાબત.

The Dean, Faculty of Commerce opined that there will be no objection to our giving admission to candidates, who have passed the B. Com. Examination of the Rajputana University, to First LL. B. Class.

શ્રી. પી. આર. જૈનને ફર્સ્ટ એલએલ.બી. માં દાખલ થવા માટે તેમના જોખમે આપેલા પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટના કાર્યને બહાલી આપવી.

૭. સિંધ યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ, બી.એ., ઇન્ટર સાયન્સ, બી એસસી., ઇન્ટર કૉમર્સ, બી કોમ., ઇન્ટર સાયન્સ એગ્રિ., જુનિયર બી.એસસી. એગ્રિ, સિનિયર બી.એસસી. એગ્રિ., એમ.એ. પ્રિવિઅસ, એમ એ. ફાઇનલ, બી.ટી., એમ.એડી. પ્રિવિઅસ, એમ.એડી.

ફાઇનલ, ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી., ફર્સ્ટ સેકન્ડ એન્ડ થર્ડ એમ.બી.બી. એસ. ની પરીક્ષાઓ માન્ય કરવા બાબત.

નોંધ:- ૧. મુંબઈ યુનિવર્સિટી પ્રત્યેક કેસ પર વિચારણા કરે છે.

૨. કર્ણાટક યુનિવર્સિટીએ પરીક્ષાઓ માન્ય કરી નથી.

૩. એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડાએ નીચે મુજબની પરીક્ષાઓ માન્ય કરી છે:

Matriculation, I.A., I.Sc., I Com., B.A., B.Sc., B.Com., M.A. (Pre.), M.A. (Final), B.T., M.Ed. (Pre. & Final), I, II, III Prefessional M.B.,B.S. (Provided the name of the degree is included in the first schedule of the Indian Medical Council Act.)

૪. પૂના યુનિવર્સિટી પ્રત્યેક કેસ પર વિચારણા કરી નિર્ણય લે છે.

ડીન, ફૅકલ્ટી ઑફ સાયન્સના અભિપ્રાયની નકલ આ સાથે બીડી છે.

તા. ૧૭-૨-૧૯૫૬ ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર આ કામ મુલતવી રાખવામાં આવ્યું હતું.

આથી આ કમિટી ઠરાવે છે કે સિંધ યુનિવર્સિટીના વિવિધ પરીક્ષાના અભ્યાસક્રમ વિ. મંગાવી જે તે ફૅકલ્ટીના ડીનનો ચોકકસ અભિપ્રાય મંગાવી આ કામ ફરી વિચારણા માટે મૂકવું દરમ્યાન જો કોઇ કેસ આવે તો એડહોક બેઝીસ પર વિચારણા કરવી.

૮. આન્ધ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૧૭-૪-૧૯૫૬ ના પત્ર નં. સીસી. ૩. ૨૫૩-૫૬માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. અને બી.એડ. પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરી છે તેની નોંધ લેવા બાબત. નકલ સામેલ કરી નથી.

આથી આ કમિટી ઠરાવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૯. આગ્રા યુનિવર્સિટીના ડે. રજિસ્ટ્રાર તા. ૨૫-૩-૧૯૫૬ ના પત્ર નં. ૩૭૭૮૮ માં લખી જણાવે છે કે જ્યાં સુધી ગુજરાત યુનિવર્સિટી આગ્રા યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ બીન શરતે માન્ય ના કરે ત્યાં સુધી ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ માન્ય કરી શકાય તેમ નથી તે અંગે વિચારણા કરવા બાબત. નકલ સામેલ કરી નથી.

નોંધ:- જૂન ૧૯૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ મુજબ મુંબઈ યુનિવર્સિટીની હેન્ડબૂક ભાગ બીજાના રે. ૩ માં જણાવેલી આગ્રાની નીચેની પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરી હતી:

બી.એ., બી.એસસી., બી.એસસી. એગ્રિ. એમ.એ., એમ.એસસી., એલએલ.બી., બી.ટી., અને એલએલ.બી. માં દાખલ થવા માટે બી. કૉમ.

૨૧.૨૨-૧૨-૧૯૫૬

આગ્રા યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટીની ઉપર્યુકત પરીક્ષાઓ માન્ય કરવા વિનંતિ કરવામાં આવી હતી પરંતુ તે યુનિવર્સિટીએ તેમની તમામ પરીક્ષાઓ માન્ય કરવા લખ્યું તે પ્રમાણે આપણી યુનિવર્સિટી આગ્રા યુનિવર્સિટી સાથે સંમત થઈ શકી નહિ, તેથી આગ્રા યુનિવર્સિટીએ આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ માન્ય રાખી નહિ,

ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને આગ્રા યુનિવર્સિટીમાં દાખલ કરવાની ના પાડતાં તે વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીને તે અંગે જાણ કરી. તે ઉપરથી ૧૯૫૨ ના જૂનમાં મળેલી સ્ટેન્ડીંગ કમિટિના ઠરાવ મુજબ આગ્રા યુનિવર્સિટીની ઉપર્યુક્ત પરીક્ષાઓની માન્યતા રદ કરવામાં આવી હતી

ત્યાર પછી ગુજરાત યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા પાસ કરીને આગ્રામાં એલએલ.બી માં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીએ તેની મુશ્કેલી જણાવતાં આગ્રા યુનિવર્સિટીને આ યુનિવર્સિટીની બી.કૉમ પરીક્ષા એલએલ.બી મા દાખલ થવા માટે માન્ય કરવા વિનંતી કરવામાં આવી હતી જેના જવાબમાં ઉપર્યુકત પત્ર આવેલ છે.

મુંબઈ યુનિવર્સિટીના રે. ૩ માં જે પરીક્ષાઓ માન્ય કરી હોય તે પરીક્ષાઓ માન્ય કરવા આ યુનિવર્સિટી હજુય તૈયાર છે તેમ આગ્રા યુનિવર્સિટીના રજિસ્ટાર ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડના સેક્રેટરીને જણાવવું.

૧૦. આગ્રા યુનિવર્સિટીનાં એમ.બી.બી.એસ. પરીક્ષા માન્ય કરવા બાબત.

Dean of the Faculty of Medicine opines as under :

" As MBBS Agra is recognised by Medical Council of India, the question of equivalence does not arise."

વડોદરા યુનિવર્સિટીએ માન્ય કરેલ છે, પૂના યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી કર્ણાટક યુનિવર્સિટીએ પરીક્ષાઓ શરૂ કરી નથી, અને મુંબઈ યુનિવર્સિટીએ માન્ય કરેલ છે.

અભ્યાસક્રમ સભાસદોમાં ફેરવાય છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આગ્રા યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરવી. પરંતુ જો આગ્રા યુનિ. તેમ કરવાની ના પાડે તો મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાને તે અંગે લખવું.

૧૧. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડના સેક્રેટરીના તા. ૧૯-૪-૧૯૫૬ ના પત્ર નં. ૫૭-૫૮ પર વિચારણા કરવા બાબત. નકલ સામેલ છે.

નોંધ:- શ્રી. સુરશ એસ. મથુરે આગ્રા યુનિવર્સિટીની એલએલ.બી. પરીક્ષા પાસ કરી છે. તેમને આપણી યુનિવર્સિટીમાં એલ.એલ એમ. નો અભ્યાસ કરવા માટે એલિજિબિલિટી સર્ટિ-

ફૅકેટની અરજી કરી હતી તે નકારવામાં આવી હતી. તે ઉપરથી તેમણે એજ્યુકેશન મિનિસ્ટર, ગવર્નમેન્ટ આફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીને અરજી કરી હતી જે ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયા મારફતે વિચારણા માટે મોકલવામાં આવી છે. નકલ સામેલ છે.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ યુનિવર્સિટી આગ્રા યુનિવર્સિટીની એલએલ.બી. પરીક્ષા અરસપરસના ધોરણે માન્ય કરવા તૈયાર છે તેવો જવાબ આપવો.

૧૨. બિહાર યુનિવર્સિટી, પટનાના રજિસ્ટ્રાર તેમના તા. ૧-૩-૫૬ના પત્ર નં. ૪૦૪૯ માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માન્ય કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- તા. ૧૭-૨-૫૬ ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇક્વીવેલન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ મુજબ ફક્ત ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની જ પરીક્ષાઓ માન્ય કરી છે.

બિહાર યુનિવર્સિટીની પરીક્ષાઓ નીચે જણાવ્યા પ્રમાણે સ્ટેટ યુનિવર્સિટીઓએ માન્ય કરી છે.

આથી કરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬ (૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૬૩. એકચ્યુઅરીયલ સાયન્સ અને સ્ટેટીસ્ટીકમની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ઉપર સિન્ડિકેટના ઠરાવ અનુસાર ફેકલ્ટી ઑફ કોમર્સની ભલામણ.

એકચ્યુઅરીયલ સાયન્સ અને સ્ટેટીસ્ટીકસની અભ્યાસસમિતિની ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે:

૧. રેગ્યુ ૨૧૭-ગ્રુપ-બી. "(6) Statistics and Scientific Method-One Paper 100 marks. ના વિષયને બદલે "(6) Scientific and Statistical Method-one Paper-100 marks." એ મુજબનો વિષય રાખવો અને એ મુજબ સુધારેલો રે. ૨૧૨ સ્વીકારવો.

સુધારેલો રેગ્યુ. ૨૧૨ જુન ૧૯૫૭ થી અમલમાં આવશે.

૨. રેગ્યુ. ૨૧૨ માં ઉપર જણાવેલ સુધારાને અનુલક્ષીને રે. ૨૧૩ (6) Statistics and Scientific Methods Section I and Section II" માટે આપવામાં આવેલ અભ્યાસક્રમ રદ કરવો અને તેને બદલે "(6) Scientific and Statistical Methods -One Paper-100 marks." માટેનો વિગતવાર અભ્યાસક્રમ સ્વીકારવો.

સુધારેલો રેગ્યુ. ૨૧૩ જુન ૧૯૫૭ થી અમલમાં આવશે.

બી.કોમ. સ્પેશ્યલ ગ્રુપ–સી. માં (6) "Statistics" ના સુધારેલા ૩ પેપરોનો આ સાથે આપવામાં આવ્યા મુજબનો અભ્યાસક્રમ સ્વીકારવો.

ઉપરના સુધારેલા રેગ્યુલેશન જુન ૧૯૫૭ થી અમલમાં આવશે અને તે મુજબ સુધારેલા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા ૧૯૫૯ માં લેવામાં આવશે."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુલેશન ૨૧૨ અને ૨૧૩ ને જુન ૧૯૫૭ થી અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ફેકલ્ટી ઑફ કૉમર્સ તરફ વિચારણા માટે મોકલી આપવી."

ફેકલ્ટી ઑફ કોમર્સની ભલામણ

"આથી આ ફેકલ્ટી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આ સાથે આપવામાં આવ્યા મુજબનો રેગ્યુ ૨૧૨–ગ્રુપ–બી (6) Statistics and Scientific Methods –One paper 100 marks ના વિષયને બદલે "(6) Scientific and Statistical Method–One paper–100 Marks એ મુજબનો વિષય રાખવો અને એ મુજબનો સુધારેલો રેગ્યુ ૨૧૨ સ્વીકારવો.

નોંધઃ– સુધારેલો રેગ્યુ. ૨૧૨ જુન ૧૯૫૮થી અમલમાં લાવવો.

૩. બી કૉમ. સ્પેશ્યલ–ગ્રુપ–સી માં R. 213 (vi) સ્ટેટીસ્ટીકસના સુધારેલા ૩ પેપરોનો આ સાથે આપવામાં આવ્યા મુજબનો અભ્યાસક્રમ સ્વીકારવો અને તે જુન ૧૯૫૮ થી અમલમાં લાવવો.

આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટી ઑફ કૉમર્સની ભલામણ મંજૂર કરવા તથા સુધારેલો રેગ્યુલેશન ૨૧૨ ગ્રુપ બી અને રે. ૨૧૩ (૬) જુન ૧૯૫૯ થી અમલમાં લાવવા સિન્ડિકેટને ભલામણ કરવી

(સુધારેલા રેગ્યુલેશન ૨૧૨ ગ્રુપ બી અને રે. ૨૧૩ (૬) ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે)

૩૪. સ્ટેન્ડીંગ કમિટી ઑફ કન્વીવેલેન્સ ઑફ એકઝામીનેશન્સની તા. ૧૫-૭-૫૭ના રોજ મળનારી સભામાં કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એકઝામીનેશન્સની નોંધ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધઃ- પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે)

૩૫. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ મુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લીટરેચરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીના સેક્રેટરીના પત્રમાં જણાવેલી નીચે પ્રમાણેની વિગત અનુસારની નિમણૂકો મંજૂર કર્યા બાબત આવેલ પત્ર.

"I am directed to convey the sanction of the University Grants Commission to the appointment of the following teachers in the School of Social Sciences & the School of Gujarati Language & Literature in the Gujarat University in the usual grades, under the Second Five Year Plan, with effect from the date of appointment,

(a) **School of Social Sciences:**

(1) Economics	Readers 2 Lectures 2
(2) Sociology	Professor or Reader. 1
(3) Politics	Lecturers 2
(4) Statistics	Demonstrator @ 250/- per Month Fixed.....1

(b) **School of Gujarati Language & Literature**

(1) Conversion of one Readership to Professorship (Linguistics)	
(2) Reader	1
(3) Lecturer	1
(4) Research Assistant at R. 250/- P.m. fixed...	1

2. It has been noted that the University and/or the State Government will share the expenditure involved in the creation of these posts at 50% of the recurring cost during the Second Five Year Plan period

The Commission may kindly be informed as early as possible of the action taken by the University as also the detailed requirement of the University in 1957-58 in respect of the appointment of the teachers in the School of Social Sciences & the School of Gujarati Language & Literature."

નોંધઃ– હાલમાં સ્કૂલોમાં નીચે પ્રમાણેના ટીચીંગ સ્ટાફ છેઃ

૧. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ

પ્રોફેસર	૧
રીડર	૬
લેકચરર્સ	૩
ડેમોન્સ્ટ્રેટર	૧

૨. યુનિ સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લીટરેચર

પ્રોફેસર	૧
રીડર	૧
રીસર્ચ ફેલો	૧)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ વધારાની જગાઓ પૈકી યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરમાં નીચેની વધારાની જગાઓ રથાપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવીઃ

યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ

૧.	રીડર ઇન ઇકોનોમિકસ	એ
૨.	લેકચરર ઇન ઇકોનોમિકસ	એ
૩.	પ્રોફેસર ઇન સોશિયોલૉજી	એક
૪.	લેકચરર ઇન પોલિટિકસ	એક
૫.	લેકચરર ઇન સ્ટેટીસ્ટીકસ	એ
૬.	ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીકસ ફીકસ્ડ પે. રૂા. ૨૫૦ દર મહિને	એક

યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લીટરેચર

૧.	રીડરની જગ્યાને પ્રોફેસર (લિન્ગ્વીસ્ટીકસ) ની જગ્યામાં ફેરવવી.	
૨.	રિસર્ચ એસિસ્ટન્ટ રૂા. ૨૫૦ ફીકસ્ડ દર મહિને	એક

૩૬. નીચેનો ઠરાવ ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવા બાબત પ્રિન્સિપલ ડોલરરાય ર. માંકડ તરફથી આવેલ પત્ર.

'ઍકેડેમિક કાઉન્સિલની આ સભા ઠરાવે છે કે આ યુનિવર્સિટીમાં ગ્રામ અભ્યાસ (Rural Studies) ની એક ફૅકલ્ટી સ્થાપવાની ભલામણ સિન્ડિકેટને તથા સેનેટને કરવી અને એને અંગે જરૂરી નિયમો આદિ ઘડવા.''

ઍકેડેમિક કાઉન્સિલની આ સભા ઠરાવે છે કે આ યુનિવર્સિટીમાં ગ્રામ્ય અભ્યાસ રૂરલ સ્ટડીઝની એક ફૅકલ્ટી સ્થાપવાની આવશ્યકતા પર વિચારણા કરવા તથા તે અભ્યાસક્રમ દાખલ કરવો તો કઇ કક્ષાએ તે પર વિચારણા કરવા તથા તેને લગતી બીજી આનુષંગિક બાબતો પર વિચારણા કરીને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બધી ફૅકલ્ટીઓના ડીન ઉપરાંત પ્રિન્સિપલ ડોલરરાય રં. માંકડની બનેલી એક સમિતિ નીમવી અને આ સમિતિના આહવાહક પ્રિન્સિપલ ડોલરરાય માંકડને રાખવા ઉપરાંત આ સમિતિને ગમે તે પાંચ વ્યક્તિઓને કો-ઓપ્ટ કરવાની સત્તા આપવી.

૩૭ અત્યાર સુધી ફર્સ્ટ ઇયર આર્ટ્સ, એક્ષસ્ટર્નલ પરીક્ષા યુનિવર્સિટી સાથે જોડાયેલી જુદી જુદી કૉલેજો લેતી હતી. ૧૯૫૮ ની સાલથી ફર્સ્ટ ઇયર આર્ટ્સ પ્રિ-યુનિવર્સિટી પરીક્ષા લેવાની છે તે અંગે નીચેના મુદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

૧. ફર્સ્ટ ઇયર એક્ષસ્ટર્નલ કૉલેજની પરીક્ષા જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય પરંતુ એક યા વધુ વિષયનાં પરીક્ષા મુક્તિ મેળવી હોય તો તેનો લાભ તે પ્રિ-યુનિવર્સિટી પરીક્ષા માટે લઇ શકે કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિ-યુનિવર્સિટી પરીક્ષા યુનિવર્સિટી તરફથી જ્યારે લેવામાં આવે ત્યાર કૉલેજની ફર્સ્ટ ઇયર પરીક્ષામાં જે વિષય કે વિષયોમાં વિદ્યાર્થીઓને એકઝમ્પ્શન માર્કસ મલ્યા હોય તે વિષય કે વિષયોમાં તેમને એકઝમ્પ્શન ચાલુ રાખવા માટે વિદ્યાર્થીઓને છૂટ આપવી.

(નોંધઃ- આ માટે જરૂરી રેગ્યુલેશનનો ખરડો આ સભાગૃહ સમક્ષ કાર્યાલયે રજૂ કરવાનો રહેશે.)

૩૮. ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં કોઇપણ વિદ્યાર્થી કોઇપણ એક "હેડ" નહિ પણ "વિષય" માં ૪૦ ટકા માર્કસ લાવે તો તેને રેગ્યુ. ૧૩ પ્રમાણે એકઝમ્પ્શન આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને એકજ હેડ નીચે આપવા જુદા જુદા વિષય કે વિષયોમાં વ્યક્તિગત રીતે એકઝમ્પ્શન માર્કસ મલ્યા હોય તે વિદ્યાર્થીઓને લાગતાવળગતા વિષયમાં એકઝમ્પ્શન રાખવાની છૂટ આપવી.

૩૯. ૧૯૫૬-૫૮ ના શૈક્ષણિક વર્ષથી પ્રિ-યુનિવર્સિટી કોર્સ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સના પ્રથમ વર્ષમાં શરૂ થાય છે તે અંગે તેને લગતા એડમીશન વગેરે અંગેના કાર્યાલયે સુચવેલા ઑર્ડિનન્સ મંજૂર કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે વરેલા ફ્રાન્ઝીટરી ઑર્ડિ નં. ૧, ૨ અને ૩ તથા ફ્રાન્ઝીટરી રેગ્યુલેશન નં. ૧ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધઃ- આ ઑર્ડિનાન્સીઝ તથા રેગ્યુલેશ કયારથી અમલમાં લાવવા તેનો આધાર ત્રણ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ અને પ્રિ-યુનિવર્સિટીનો અભ્યાસક્રમ કયારથી અમલમાં મૂકાય છે તે પર રહેશે.)

૪૦. ત્રણ વર્ષના કોર્સના અનુસંધાનમાં આઇટેમ નં. ૬ પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ, બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલ પત્રમાંના નીચેના સૂચન અંગે વિચારણા કરવા બાબત

પ્રિન્સિ. એસ. આર. ભટ્ટનું સૂચન

"1. As the present intermediate Examination in Arts included subjects which provided necessary general background prior to special courses at Degree state it is necessary to include them in the frame work of the Pre-University Courses. In particular Logic and Economics therefore should find a place in that course.

2. The Three-years Degree course is not intended for multipying examinations Therefore, the University Examination at the end of the first and Second Year of the Degree Course should be permissive rather than obligatory. As in the subsidiary subjects in the Science Faculty at present the Degree course in Arts should provide Examinations in optional or minor subjects at the end of the First and Second year of the Degree course so that the Final Examination may be held for the Principal subject.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬ (૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૪૧. જનરલ એજ્યુકેશનમાં નેચરલ સાયન્સ અને સોશિયલ સાયન્સીઝ છે તેને મહદ્‌ અંશે વિસ્તારમાં ગ્રેજ્યુએટ કક્ષાના કાર્યકરોની સંખ્યા વધતી જતી હોવાથી વિકલ્પ જેવો કે ખેતીવાડી, જાહેર આરોગ્ય, અને વાસ્તુવિદ્યા વિષયો વધારાનું સૂચન કરતા પ્રિન્સિ. ડોલરરાય ર. માંકડના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ડોલરરાય ર. માંકડનું સૂચન

૧. સામાન્ય અભ્યાસક્રમમાં આપણે અંગ્રેજી અને હિન્દી બંને આવશ્યક રાખ્યા છે અને ગુજરાતી રાખ્યું નથી અહીં અંગ્રેજી અથવા હિન્દી રાખ્યું છે અને ગુજરાતી જુદું મૂકયું

છે. ગ્રામવિસ્તારમાં કામ કરનારને પ્રાદેશિક ભાષા અને સાહિત્યનું સારૂ જ્ઞાન જરૂરી છે પણ અંગ્રેજી અથવા હિન્દી એમાંથી એક જરૂરી કહેવાય.

૨. સામાન્ય અભ્યાસક્રમમ જનરલ એજ્યુકેશનમાં નેચરલ સાયન્સ અને સોશિયલ સાયન્સ છે તેને બદલે અહીં ખેતીવાડી જાહેર આરોગ્ય અને વાસ્તુવિદ્યા મૂકયાં છે. આર્ટ્સના વિદ્યાર્થી માટે આ વિષયો જનરલ એજ્યુકેશનમાં ભાગ તરીકે ગણી શકાય.

૩. વિશિષ્ટ અભ્યાસમાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો અહીં સમાવેશ કર્યો છે તેમાં ગ્રામ્ય-વિસ્તારને અનુલક્ષીને અર્થશાસ્ત્ર અર્થશાસ્ત્રના પ્રશ્નો, સહકાર, સમાજશિક્ષણ, સમાજકાર્ય મૂકયાં છે. આ બધા વિષયો આર્ટ્સ ફેકલ્ટીના છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬ (૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી

૪૨. ત્રણ વર્ષના ડીગ્રી કોર્સના જરૂરી અભ્યાસક્રમની વ્યવસ્થાના સંદર્ભમાં ઈન્ટર-મિડિએટ કોલેજોના સ્થાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬ (૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૪૩. ઈન્ટર આર્ટ્સ અને ઈન્ટર સાયન્સની ચાલુ પરીક્ષા પ્રથાને ધ્યાનમાં લઈ, સુધારેલ નિયમ ૧૩ અને ૭૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે ઘડેલા સુધારેલા રેગ્યુલેશન નં. ૧૩ અને ૭૨ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક એટલે કે માર્ચ ૧૯૫૮ ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુલેશન નં. ૧૨ અને ૭૨ ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૪. ફેકલ્ટી ઑફ આયુર્વેદિક મેડિસિનની બેઠકના ઠરાવ નં. ૨, ૩, ૪ અને ૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬ (૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૪૫. ઑર્ડિનન્સ ૨૬૮ અનુસાર ત્રીજી એમ.બી. બી.એસ. ના વિદ્યાર્થીઓને બીજી એમ.બી.,બી.એસ. પસાર કર્યા પછી ઓછામાં ઓછું એક સત્ર તથા પહેલી એમ.બી.બી એસ. પસાર કર્યા પછી ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરેલો હોવો જોઇએ તો ત્રીજી એમ.બી.,બી.એમ. ના વિદ્યાર્થીઓને જો બીજી એમ.બી.,બી એસ. માં બે વખતે નાપાસ થયા હોય તો પણ ત્રીજી એમ બી.,બી.એસ. ના બે સત્રો બીજી એમ.બી.,બી.એસ. ના અભ્યાસક્રમો સાથે રાખવા દેવા કે કેમ તે બાબત વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે આવા વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછું એક સત્ર રાખવું જરૂરી છે.

૪૬. આઇટેમ ૧૬ આયત ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ટલ્યુ-ડીંગ એજ્યુકેશનની તા. ૨૭-૬-૫૭ના રોજ મળેલી બેઠકે નીચેની ભલામણો કરી તે આયત વિચારણા કરવા આયત.

ભલામણો

"આથી ઠરાવવામાં આવે છે કે ૩ વર્ષના ડીગ્રી કોર્સ અંગે વિનયન વિભાગમાં પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ માટે આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટ "અ" માં જણાવ્યા મુજબ અભ્યાસક્રમ તેમજ વૈકલ્પિક વિષય જૂથો રાખવાં."

૩ વર્ષનો ડીગ્રી કોર્સના સંદર્ભમાં નીચેનો ઠરાવ શ્રી. ઝીણાભાઈ ૨ દેસાઈએ રજૂ કર્યો અને તેને શ્રી સી. સી. શાહે ટેકો આપ્યો.

"૩ વર્ષના ડીગ્રી અભ્યાસક્રમની જે યોજના ફૅકલ્ટી ઑફ આર્ટ્સ તરફથી તૈયાર થઇ છે તે હાઈમર સેકન્ડરીના ડ્રાફ્ટ સિલેબસને અને તેના પ્રેારણને લક્ષમાં રાખતાં તેમજ મુંબઇ રાજ્યનો આપણો આજ પર્યંતનો અનુભવ પણ ધ્યાનમાં રાખતાં આ સભા માને છે કે આ અભ્યાસક્રમને પુરતો ન્યાય આપવા માટે ડીગ્રી કોર્સ શરૂ થાય તે અગાઉ વિદ્યાર્થી માટે ૧૨ વર્ષના શિક્ષણની જોગવાઈ કરવી પડશે."

ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

"૩ વર્ષના ડીગ્રી કોર્સ અંગે ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિના ઠરાવ નં. ૫ અને ૧૧ તથા ૯ ઉપર વિચારણા કરવામાં આવી હતી અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું.

ઠરાવ નં. ૫ અને ૧૧

૩ વર્ષના ડીગ્રી કોર્સના અભ્યાસક્રમના ગ્રુપ ૭ મો આ અંગે વિચારણા કરવામાં આવી હોવાથી આ વિગતની વિચારણા કરવી આવશ્યક નથી.

ઠરાવ નં. ૯

'આથી ઠરાવવામાં આવે છે કે ૩ વર્ષના ડીગ્રી કોર્સના પહેલા વર્ષના અભ્યાસક્રમમાં આર્ટ્સ ફૅકલ્ટીએ જે વિષયો સુચવ્યા છે તે જોતાં આ પ્રશ્ન અંગે કાંઇ કરવાપણું રહેતું નથી."

"આથી ઠરાવવામાં આવે છે કે ૩ વર્ષનો ડીગ્રી કોર્સ જુન ૧૯૫૮ થી અમલમાં આવતો હોવાથી પ્રિ-યુનિવર્સિટીની પરીક્ષા માટે હાલમાં આર્ટ્સના પ્રથમ વર્ષનો જે અભ્યાસક્રમ છે તેને પ્રિ-યુનિવર્સિટીનો અભ્યાસક્રમ ગણવો."

"ગ્રુપ ૭ની બાબતમાં આ ફૅકલ્ટી ઠરાવે છે કે આ ગ્રુપ લેનાર વિદ્યાર્થી માટે જનરલ એજ્યુકેશનમાં જે ત્રણ પ્રશ્નપત્રો ફૅકલ્ટીએ આ ગ્રુપના અભ્યાસક્રમ માટે નિયત કર્યા છે તેનો સમાવેશ અભ્યાસક્રમમાં કરવા માટે જનરલ એજ્યુકેશનનો અભ્યાસક્રમ ઘડવા માટે રચાનાર સમિતિને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬ (૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૪૭. ઑર્ડ ઑફ સ્ટડીઝ ઇન પ્રિ-ક્લીનીકલ સબ્જેક્ટ્સ અને ઑર્ડ ઑફ સ્ટડીઝ ઇન મેડિસિન અને સર્જરીની સંયુક્ત બેઠકની નીચેની ભલામણ.

પ્રિ–પ્રોફેશનલ કોર્સિઝ ઇન મેડિસિનનો અભ્યાસક્રમ ઘડી કાઢવા બાબત.

પ્રિ–પ્રોફેશનલ કોર્સિઝ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ મેડિકલ ફૅકલ્ટીમાં પ્રિ–પ્રોફેશનલ કોર્સિઝ માટે નીચેના વિષયો રાખવા એમ ઠરાવવામાં આવ્યું હતું:

૧. અંગ્રેજી
૨. ફિઝિકસ
૩. કેમિસ્ટ્રી
૪. બૉટાની–ઝૂલૉજી
૫. જનરલ એજ્યુકેશન

વધુમાં નક્કી કરવામાં આવ્યું હતું કે ઉપરના વિષયોનો મેડિસિનને લક્ષમાં પ્રિ–પ્રોફેશનલ કોર્સિઝનો વિગતવાર અભ્યાસક્રમ વગેરે ઘડી કાઢવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી:

૧. ડૉ. એન. આર. ફ્રેસાઈ– કન્વીનર
૨. પ્રિન્સિ. જી. વી. બર્વે
૩. પ્રિન્સિ. પી. સી. રક્ષિત
૪. પ્રિન્સિ. આર. પી. પટેલ
૫. ડૉ. સી. આર. મહેતા
૬. ડૉ. એ. ડી. ભેરોક
૭ પ્રિન્સિ વાય. જી. નાયક
૮. ડૉ. એ. એમ. ત્રિવેદી
૯. પ્રોફેસર જે. ડી. આઝા

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પેટા-સમિતિની ભલામણ પ્રિ-ક્લીનિકલ વિષયો અને મેડિસિન અને સર્જરીની સંયુક્ત અભ્યાસસમિતિઓ સમક્ષ વિચારણા માટે મોકલવી.

૪૮. નીચેના વિદ્યાર્થીઓના નામ સામે જણાવેલ ડીગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે રેફરીની ભલામણ કરવા બાબતની કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ:

કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ

આથી આ અભ્યાસસમિતિ અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચેના વિદ્યાર્થીઓના આવેલ મહાનિબંધ માટે તેમના નામની સામે જણાવેલ રેફરીઓની નિમણૂક કરવી:

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય	ભલામણ કરેલ રેફરીનું નામ
૧. શ્રી. ત્રિવેદી જે. પી. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	પી.એચ.ડી.	"Chemistry Synthesis of Thioureas & Thiobarbituratics **Int. Referee:** 1. Prin. R. D Desai, L. D. Arts College, Ahmedabad.	1. Prof C. O. Wilson College of Pharmacy, University of Minnesota, Minneopolis, Minnesota U.S.A. OR 2. Prof. S M., M.Sc. Elvain, Division of Organic Chemistry, University of Wisconsin Madison, Wisconsin U.S.A.
૨. શ્રી. દેસાઈ એમ. એન. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	પી.એચ.ડી.	Chemistry Corresion Studies in Corresion of Brass. **Int. Referee** Dr. A. M. Trivedi L. D. Arts College, Ahmedabad.	1. Dr. U R Evans, D.Sc. F.R S Reader in the Science of Metallic Corrosion, Cambridge University, Cambridge, Great Britain. OR 2. Dr. S. C. Britton, M.A. Tin Research Institute, Green Ford, Middlesex, Great Britain. OR 3. Prof. Erich Rebald, Manheim, Germany.

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય	ભલામણ કરેલ રેફરીનું નામ
૩. શ્રી. ચીનીવાલા ઈ. એચ. એમ. ટી. બી. કૉલેજ, સુરત.	એમ.એસસી.	Chemistry Chemical Exam. & Utilisation of the Seeds Argemone Maxica & Benninc asa Cerifera. **Int Referee** Dr. C. M. Desai, M. T. B College, Surat.	1 Dr. T. N Mehta, Laxminarayan Institute of Technology, Nagpur University, Nagpur. OR 2. Dr. C P. Patel, Asstt. Director of Industries, Bombay State, Custom House, Bombay.
૪. શ્રી. મહેતા વી. કે. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	એમ.એસસી.	Chemistry- Friedel - Crafts Acylation of Anilide derivati ves - Synthesis of Quinoline derivatives **Int. Referee** : Prof. S. R. Patel, Dharmendrasinhji College, Rajkot.	1. Dr. R. C. Shah, National Chemical Laboratories, Poona. OR 2. Dr. G. V. Jadhav, Subhadra Mahal, Gokhale Road (North) Dadar, Bombay.
૫. શ્રી. ગવાઈકર એ જી. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ	એમ.એસસી.	Chemistry- Effect of Graded Doses of Nitrogen, Phosphoric Acid and Potash, Singly As well as in combination etc. **Int Referee** : Dr. C. C. Shah, 15, Queens Garden, Poona-1.	1. Dr. N. Narayan, Agricultural Chemist to the Govt of Bombay, College of Agriculture, Poona-5 OR 2. Dr. R. H. Joshi, Prof. of Chemistry, College, of Agriculture, Nagpur.

	વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય	ભલામણ કરેલ રેફરીનું નામ
૬	શ્રી વસા એમ. એલ. એલ. ડી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	એમ.એસસી	Chemistry - Synthesis of Thiazolidones and Identification of Amines. **Int Referee:** Prof. K. C. Kshatriya, L. D. Arts College, Ahmedabad.	1 Dr. T S. Nargund, Prof. of Chemistry, Karnatak University, Dharwar OR 2. Dr. G. V. Jadhav, Subhadra Mahal, Gokhale Road, (North) Dadar, Bombay.
૭.	શ્રી. ગાંધી એસ. સી. બી એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.	એમ.એસસી.	Chemistry The Status of Boron in Soils of Gujarat & Saurashtra. **Int Referee :** Prof. B. V. Mehta, B. A College of Agriculture, Anand.	1 Dr. S V Desai, Jaya Cottage, Mancherbhai Road, Malad, Bombay. OR 2 Dr M K Patel, Plant Pathologist, College of Agriculture, Poona-5.
૮.	શ્રી. જી. ગોપાલકૃષ્ણ નાયર, ગોપાલ પીલાઇ, બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.	એમ.એસસી.	Chemistry "Zinc as a Nutrient in Poa Plant growth and its availability in Gujarat Soils. **Int. Referee :** Prof B. V. Mehta, B. A. College of Agriculture, Anand	1. Dr. J. S Patel, M.Sc. (Cornell) Director of Agriculture, Bihar, Patna. OR 2. Dr S. V. Desai, Jaya Cottage, Mancherbhai Road, Malad, Bombay.

વિદ્યાર્થીનું નામ	ડીગ્રી	વિષય	ભલામણ કરેલ રેફરીનું નામ
૯. શ્રી. દેસાઇ આર. એસ. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.	એમ.એસસી.	Chemistry Salt-tolerance Studies-A contribution to the study of Saline condition on the growth and Chemical Composition of crops. **Int. Referee :** Prof. B. V. Mehta, B A. College of Agri. Anand.	1. Dr. R. H. Joshi, Prof. of Chemistry, College of Agriculture, Nagpur OR 2. Dr. H G Pandya, Prof. of Chemistry, College of Agriculture, Poona-5.
૧૦. શ્રી. રેડ્ડી જી. આર. બી. એ કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.	એમ.એસસી.	Chemistry Availability of Molybdenum in Gujarat Soils. **Int. Referee :** Prof B. V. Mehta, B. A. College of Agriculture, Anand.	1. Dr M. K. Patel, Ph.D. (Iowa), Plant Pathologist, College of Agriculture, Poona-5. OR 2. Dr J. S. Patel, M.Sc. Cornell) Director of Agriculture, Bihar, Patna.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ મહાનિબંધો માટે રેફરીની નિમણૂકો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૯. ડૉ. અંકલેસરીઆના આવેલ પત્ર ઉપરની ૧૯૫૭ના જુનથી મેડિકલ ફૅકલ્ટીમાં શિક્ષણ અને પરીક્ષણનું માધ્યમ ગુજરાતી આવે છે તેથી મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને કંઈ વાંધો છે કે કેમ અને ગુજરાત યુનિવર્સિટીની મેડિકલ ડીગ્રીને મેડિકલ કાઉન્સિલ માન્યતા આપવામાં અસર કરશે કે કેમ તે અંગે પૂછાવતાં મજકૂર કાઉન્સિલના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર સિન્ડિકેટના ઠરાવ અનુસાર ઑન્જિનીયરીંગ ફૅકલ્ટીને મોકલતાં તેમના તરફથી થયેલી નીચેની ભલામણ:

(નોંધઃ- મેડિકલ કાઉન્સિલે સ્વીકારેલી એકઝીકયૂટીવ કમિટીની નીચેની ભલામણ સેક્રેટરીએ મોકલી આપી છેઃ

"The Executive Committee have noted that it has recently been decided at the meeting of the Education Ministers that in all Technical and Scientific subjects, English must continue as Medium of instruction, and the Committee endorse this view.")

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ફૅકલ્ટી ઑફ સાયન્સ, ફૅકલ્ટી ઑફ મેડિસિન તથા ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલ્યુડીંગ ઍન્જિનીયરીંગને વિચારણા માટે મોકલી આપવા."

ઍન્જિનીયરીંગ ફૅકલ્ટીની ભલામણ

"બધી ટેકનીકલ કૉલેજોમાં માધ્યમ તરીકે અંગ્રેજી ચાલુ રહે એવા એજયુકેશન મિનિસ્ટર્સની બેઠકમાં થયેલા ઠરાવની સાથે આ ફૅકલ્ટીની સભા સહમત છે. મજકૂર ઠરાવને હાલ પૂરતો સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પરની વિચારણા હાલ મોકૂફ રાખવી તથા આ બાબત પરત્વે ૧૯૬૨ના જુન પછી શું કરવું તે માટે તમામ ફૅકલ્ટીઓને અભિપ્રાય માટે મોકલી આપવી.

૫૦. ૩ વર્ષનો ડીગ્રી કોર્સ જુન ૧૯૫૮ થી અમલમાં આવતો હોવાથી આ ફૅકલ્ટી હેઠળ આવતા જુદા જુદા વિષયોના અભ્યાસક્રમમાં જરૂરી સુધારા કરવા અંગે તેમજ ૩ વર્ષના ડીગ્રી કોર્સને માટે ઍકેડેમિક કાઉન્સિલે જે સમિતિ નીમી હતી તેની નોંધના વિગત નં. ૧(અ), ૧(૨), ૧(૫ અને ૬) ૧(૯), ઉપર ઍન્જિનીયરીંગ ફૅકલ્ટીની ઍકેડેમિક કાઉન્સિલે ૩ વર્ષના ડીગ્રી કોર્સ અંગે નીમેલી સમિતિના અહેવાલની ઉપર જણાવેલા વિગતો અંગે વિચારણા કરવામાં આવી હતી અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું.

૧(અ.)

ઍન્જિનીયરીંગના અભ્યાસક્રમમાં દરેક વર્ષને અંતે પરીક્ષા લેવાની જરૂરી વ્યવસ્થા હોવાથી આ અંગે કાંઇ કરવાનું રહેતું નથી.

૧(૨)

૩ વર્ષના બી.એસસી. ડીગ્રી કોર્સના પ્રથમ વર્ષની પરીક્ષા ફિઝિકસ કેમિસ્ટ્રી અને મેથેમેટિકસ વિષય લઇને પસાર કરી હોય તેમને ઍન્જિનીયરીંગના અભ્યાસક્રમમાં દાખલ કરવાનું ઠરાવેલું હોવાથી આ અંગે હવે કાંઇ પણ કરવાનું રહેતું નથી.

૧૮/૧૯-૭-૧૯૫૭

૧(૫)અને(૬)

ઍન્જિનીયરીંગ ફૅકલ્ટીમાં એડાતાં પહેલાં દરેક વિદ્યાર્થીએ જનરલ એજ્યુકેશનના જે વિષયો બી.એસસી. ના પહેલા વર્ગમાં શીખ્યા હોય તે જનરલ એજ્યુકેશનના શિક્ષણ માટે પૂરતું છે તેમ આ ફૅકલ્ટી માને છે. ઍન્જિનીયરીંગ સિલેબસમાં આ વિષયો માટે એગવાઇ કરવાનું શકય નથી.

૧(૭)

ઠરાવ નં. ૧ (૫) માં આ અંગે વિચારણા કરવામાં આવેલ હોવાથી આ વિષે હવે કાંઇ કરવાનું રહેતું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬(૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૫૬. ઍન્જિનીયરીંગ ફૅકલ્ટીની નીચે મુજબની ભલામણ:

"The Duration of the Engineering Degree Course will remain the same but the minimum qualifications for admission to the Engineering courses will be after passing the first Year of the three years' degree course of B.Sc. with the subjects (1) Physics, (2) Chemistry and (3) Mathematics."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત આગળ બાબત નં. ૬(૨) માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

નં. સિં. ૪૭૬૯૨-૪૮૦૩૪-૫૬
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૯-૮-૫૭.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૯

Regulation 3:

In no circumstances will the First Year's College Examination by Colleges affiliated to any other University be considered equivalent to the First Year's College Examination held by the Colleges affiliated to this University provided however, that the F.Y.A or F.Y.Sc. or F.Y. Commerce Examination held by Colleges affiliated to the Bombay University, the Poona University, the Nagpur University, the Vallabh Vidyapeeth, and the M. S. University of Baroda, shall be deemed equivalent to the corresponding Examinations of Colleges affiliated to this University.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૩૩

Amendment of R. 212 as given on page 18-19 of the syllabus under the Faculty of Commerce, University Hand Book Part II (1955),

Amend the R. 212 as under:

R. 212. Candid tes will be examined in the following subjects:

Group A

1. Principles of Economics - Two papers of 100 marks each.
2. Modern Economics Development - One paper 100 marks.

Group B

3. English – One paper 100 marks
4. Business Organisation – One paper 100 marks.
5. Mercantile Law - One pape 100 marks.
6. Scientific and Statistical Methods - 100 marks.

Groap C

7. Any one special subject of the following 3 papers 100 marks each.
   1. Accounting and Auditing
   2. Acturial Science
   3. Banking
   4. Economics of Cotton.
   5. Public Finance.
   7. Transport.
   8. Theory and Practice of cooperation.

N. B.— Candidates can chose Acturial Science or Statistics only if they have taken Mathematics as their optional subject at the Intermediate Commerce Examination

Amendment of R. 213-(6) Scientific and Statistics Methods-Under Group C at B Com. Given on page 23-24 under the syllabus of the Faculty of Commerce, University Hand Book Part II (1955)

Amend R. 213 (6) as under:

(6) Scientific and Statistical Methods.

(A) Characteristics of Science. Philosophy and Science-natural sciences and Social sciences-aims of sciences-Methods of Science. Observation and Inference-

analysis and synthesis-classification and description-simple inductive method-statistical method-Law in nature-Scientific explanations-application of inductive methods to sociological and economic investigations-function of hypothesis in induction-application and verification-Use and misuse of analogy-exercises in scientific methods.

(B) Interpolation and Extrapolation.

Nature and scope of statistical inquiries. Design of questionnaries. Classification and tabulation, continuous and discontinuous variation, General acquaintance with Indian Official statistics and other existing materials including data of National income, population, census, Mortality, etc. Erros and defects in Published materials. Pitfalls in interpretation. Diagrametic and graphical representation of results. Descriptive properties of frequency distributions. Nature and calculation of averages and measures of dispersion-means, medium, modes, quartiles, Inter-quarile range, standard deviation. Elementary theory of index numbers. Scatter diagram and correlation.

Sampling, Random and deliberate sampling. Laws of statistical regularity and inertia of large numbers. Errors, statistical error. Sources of errors-relative and absolute errors-biased errors-fallacies and their causes. Accuracy standard adopted-approximation.

Books Recommended :

1. Statistics by Y. D. Keskar. Vora & Co.
2. Statistics by Gosh and Chowdhary, Allahbad Publication Ltd.
3. Essentials of Scientific methods by Wolfe.
4. Scientific Methods by Ritchie.
5. Scientific Methods by P. S. Rage.
6. Scientific Methods by Akolkar

Amendment of R. 213 (vi) – Statistic given on page 32 of the syllabus under the Faculty of Commerce – University Hand Book Part II (1955).

Amend R. 213 (vi) Statistics as under :

(vi) Stitistics

Paper I :

(a) The elements of theory of probabilities.

(b) General properties of distributions. Standard distributions

(c) Theory of co-relation for 2 and 3 variables; Regression - Linear, polynomial and multiple (upto 3 varialbes)

(d) Elementary theory of sampling including standard errors (Large samples only)

Paper II :

(a) Exact small sampling distributions.
x^2, t, F, Z distributions (their derivation and Simple applications).

(b) Analysis of variance and co-variance.

(c) Elementary theory of testing statistical Hypothesis and estimation.

Paper III :

(a) Linear and quadratio time trends in time series - curve Fittings. Theoretical treatment of index numbers and the calculation of the indices of production business activity: cost of living index numbers, wholesale price index number.

(b) Sampling methods in business and socio-economic inquires.

(c) Applications to control of quality on industrial production - $\overline{X}$ and R charts, p charts and c charts.

Books recommended :

(1) Hoel P. G. 'Introduction to Mathematical Statistics' (John Willy Publication)

(2) Yule & Kendall "Introduction to the Theory of Statistics."

(3) A First Course in Mathematical Statistics C. E. Weatherburn

(4) Applied General Statistics Coxton & Cowdar Prentice Hall.

(5) Business Statistics Riggleman & Frisbee Mc Graw Hill.

(6) Statistical Qualit Control Grant E.L. Mc Graw Hill.

(7) Sampling Methods for censuses & Survey by F.Yates Oliver & Boyd.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૩૪

પરીક્ષા "બી" ૪૧૭૭૨-૪૧૭૭૮-૫૭
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૭-૭-૧૯૫૭

સ્ટેન્ડીંગ કમિટી ઑન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા સોમવાર તારીખ ૧૫-૭-૫૭ના રોજ સાંજના ૫-૦૦ કલાકે યુનિવર્સિટી ઑફિસમાં મળી હતી તે સમયે સભાસદોની હાજરી નીચે મુજબ હતીઃ

૧.	શ્રી. વાઇસ-ચાન્સેસર	હાજર,
૨	શ્રી. કે. એલ. દેસાઈ	ગેરહાજર,
૩.	ડૉ. કે. આર. રામનાથન	હાજર,
૪.	પ્રિન્સિ. ટી. એ. દેસાઇ	ગેરહાજર,
૫	શ્રી. એચ. પી. શુકલ	ગેરહાજર,
૬	ડૉ. એન આર. દેસાઇ	હાજર,
૭.	પ્રિન્સિ. એસ. વી. દેસાઇ	હાજર,
૮.	શ્રી વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર,

૧. તા. ૧૯-૧૨-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૯-૧૨-૧૯૫૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. સિંધ યુનિવર્સિટીની મેટ્રીકયુલેશન, ઇન્ટર આર્ટ્સ, બી.એ., ઇન્ટર સાયન્સ, બી.એસસી., ઇન્ટર કૉમર્સ, બી.કૉમ., ઇન્ટર સાયન્સ એગ્રિ., જુનિયર બી.એસસી. એગ્રિ., સિનિયર બી.એસસી એગ્રિ, એમ.એ. પ્રિવિયસ, એમ.એ. ફાઇનલ, બી.ટી., એમ.ઇડી., પ્રિવિયસ, એમ.ઇડી., ફાઇનલ ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એમ.બી.બી.એસ ની પરીક્ષાઓ માન્ય કરવા બાબત.

નોંધઃ- ૧. મુંબઇ યુનિવર્સિટી પ્રત્યેક કેસ ઉપર વિચારણા કરે છે.

૨ નાગપુર યુનિવર્સિટીએ ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ, બી.એ., બી.એસસી., બી.કૉમ., બી.એલ., એમ.બી.બી.એસ., એમ.એ., એમ.એસસી., એમ.એલ. પરીક્ષાઓ માન્ય કરી છે.

૩. એમ.એસ યુનિવર્સિટી ઑફ બરોડાએ નીચે મુજબની પરીક્ષાઓ માન્ય કરી છે:

Matriculation, I.A., I.Sc., I.Com., B.A., B.Sc., B.Com, M.A. (Pre), M.A. (Final), B.T., M.Ed. (Pre. & Final), I, II, III, Professional M.B.,B.S. (Provided the name of the degree is included in the first scheduled of the Indian medical Council Act.).

૪. પૂના યુનિવર્સિટીએ પ્રત્યેક કેસ ઉપર વિચારણા કરી નિર્ણય લે છે. તા. ૧૯-૧૨-૫૬ના રોજ મળેલા કમિટીના ઠરાવ અનુસાર વિવિધ પરીક્ષાના અભ્યાસક્રમ મંગાવીને જુદી જુદી ફૅકલ્ટીના ડીનના અભિપ્રાય મંગાવેલ છે તે નીચે મુજબ છે:

Dean of the Faculty of Arts including Education opines as under :-

"There are nine papers in all in the Sind Matriculation. It can be considered equivalent to Bombay, the Bombay State S.S.C Examination. The F.Y. Arts and Inter Arts Examinations of the Sind University can be considered equivalent to the F.Y. Arts and I.A. of Gujarat University. The B.A. pass of the Sind University has six papers only. The B.A. Hons. however, can be considered equivalent to the B.A. General and B.A. Special examinations of the Gujarat University

The M.A. examination of the Sind University comprises eight papers in a subject. It can be considered equivalent to the M.A. of the Gujarat University.

The Principal, A. G. Teachers college was consulted for B.T and M.Ed. examinations. He recommended that these examinations be recognised

Dean of the Faculty of Science advised that views of the Chairman of the Boards of Studies in Physics, Mathematics, Chemistry and Botany may please be obtained.

Chairman of Board of Studies in Physics has opined as under :-

"The courses in Physics at F.Y. Science and I Sc. are comparable to the Gujarat University courses for the same.

The Pass B.Sc. course in Physics is comparable to B.Sc (Subsidiary) of the Gujarat University.

The B.Sc. (Hons) course in Physics is comparable to the B.Sc. degree course in Physics of the Gujarat University."

The Chairman of Board of Studies in Chemistry has opined as under :-

"Comparing the courses and question papers of Sind University with these of our University, the F.Y. Science and Inter Science examinations of both the

Universities are equivalent. As far as the B.Sc. examination is concerned, Sind B.Sc. (Pass) course in Chemistry is equivalent to our B.Sc. (Subsidiary) while Sind B.Sc. (Hons.) course in Chemistry is equivalent to our B.Sc. (Principal) Therefore if a student of Sind University has passed B.Sc. (Hons.) Examination in Chemistry, he can be considered on par with a student who has passed the B.Sc. degree examination of our University as the Principal subject."

Opinions of the Chairman of Board of Studies in Mathematics and Botany are awaited.

Deen of the Faculty of Commerce opined that no examinations in commerce of the Sind University should be recognised.

Deen of the Faculty of Medicine opined that the M.B.,B.S. examination may be recognised for a limited period of three years.

Dean of the Faculty of Law opined as under:-

"To my mind the standard is not as high as ours. All the same equivallence may be granted on reciprocal basis, until the All India Bar Legislation contemplated at present, comes into force."

આથી ઠરાવવામાં આવે છે કે સિંધ યુનિવર્સિટીની કોઇપણ પરીક્ષા પાસ કરી આ યુનિવર્સિટીની કૉલેજમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓના પ્રત્યેક કેસમાં જે તે ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય મેળવી તે પર શ્રી. વાઇસ-ચાન્સેલરનો યોગ્ય હૂકમ મેળવી નિર્ણય કરવો.

૩. પટના યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના પત્ર નં. ૭ આર-૧-૫૬-જી-૮૮૨૩-સી તારીખ ૨/૩-૫-૫૬ માં તેમની તમામ પરીક્ષાઓ માન્ય કરવા વિનંતી કરે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ- રે. ૭ મુજબ ફકત ઈન્ટર આર્ટ્સ અને ઈન્ટર સાયન્સની જ પરીક્ષાઓ માન્ય કરી છે.

નાગપુર યુનિવર્સિટીઃ-	ઈન્ટર આર્ટ્સ, ઈન્ટર સાયન્સ, ઈન્ટર કૉમર્સ, બી.એ, બી.એસસી. બી.કૉમ., બી.એલ., એમ.બી., બી.એસ., એમ.એ., એમ.એસસી. અને એમ.એલ.
મુંબઇ યુનિવર્સિટીઃ-	ઈન્ટર આર્ટ્સ, ઈન્ટર સાયન્સ, બી.એ., બી.ઈ. સિવિલ, એ.મ.બી.બી.,એસ.
પૂના યુનિવર્સિટીઃ-	ઈન્ટર આર્ટ્સ, ઈન્ટર સાયન્સ, ઈન્ટર કૉમર્સ, ઈન્ટર ઍન્જિ. બી.એ., બી.એસ.સી, બી.એસ સી. ઍન્જિ., એમ.એ., એમ.એસ સી. એમ.બી.બી.એસ.,બી એલ.

બરોડા યુનિવર્સિટી:- એમ.બી.,બી.એસ., ડિપ્લોમા ઇન એજ્યુકેશન, બી.એડ., એમ.એડ., એમ.કૉમ., ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એમ.બી.બી.એસ. ઈન્ટર સાયન્સ ઍન્જ. પાર્ટ-એફ.ઇ બી.એસસી. ઍન્જ., મિકેનીકલ અને ઈલેકટ્રીકલ

The Dean of the Faculty of Arts Opined as under :-

"I think that Patna Inter Arts, B.A., and M.A. examinations may be considered equivalent to the respective examinations of the Gujarat University."

The Principal, A G. Teacher' College, Ahmedabad-9 opined as under :-

"T.D. examination is generally on the lines of our B.Ed. course and if the minimum admission qualification is a first degree of a recognised University, there is no reason why it should not be considered equivalent to our B.Ed. degree.

The course of M.Ed is different from our M.Ed. course in certain respects but may be considered equivalent to our M.Ed. degree course."

Dean of the Faculty of Science opined as under :-

"As regards the Patna University the I.Sc. courses relate to the examinations of 1956 Details about the number and grouping of subjects to be studied for the B.Sc are not available.

It seems to me that the present time is inopportune to fix equivalences of of examinations, of different Universities. In many Universities, courses of studies and syllabe are being modified in view of the instruction of the three year degree courses. I expect that in another couple of years, things will get clear. I suggest that in the meantime, for the next year or two, we consider applications from students of other Universities on merit. The Vice-Chancellor may authorise the Dean and one or two members of each Faculty to screen the applications and recommend whether the candidate can be admitted to the class to which he applies. They may, if necessary, interview the candidate for an oral examinations"

The Dean of the Faculty of Medicine opined as under :-

"Equivalence should be granted to the M B.B S. examination of the Patna University."

Principal, L. D. College of Engineering, Ahmedabad opined that B.Sc. (Engg.) should be recognised for admission to M.E. Other examinations of Universities outside the State should not be recognised.

Dean of Faculy of Law opined that Equivalence may safely be granted as under :-

Part I- Ist LL.B.
Part II- 2nd LL B.
B.L - Our LL.B.

No definite opinion has so far been received from Dean of the Faculty of Commerce.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પટના યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માન્ય કરવી.

૪. ઓરિસ્સા બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનના હાઇસ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- તા. ૧૯-૧૨-૫૬ના રોજ મળેલી ઈકવીવેલેન્સ કમિટીની સલાહ મુજબ કરાવ્યા અનુસાર આર્ટ્સના ડીનનો અભિપ્રાય મેળવ્યો છે જે નીચે મુજબ છે:

"The examination can be considered equivalent to the S.S.C. examination of the Bombay State"

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ઓરિસ્સાની બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનના હાઇસ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષાને મુંબઈ રાજ્યની એસ.એસસી. પરીક્ષા તુલ્ય માન્ય કરવી.

૫. મુસ્લીમ યુનિવર્સિટી, અલિગઢના રજિસ્ટ્રાર તેમના તા. ૨૪-૪-૫૭ના પત્ર નં. ૮૬૮માં તે યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા માન્ય કરવા બાબત લખ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

ફૅકલ્ટી ઑફ કૉમર્સનો અભિપ્રાય નીચે મુજબ છે:

" The examination should not be recognised as equivalent to our corresponding examination."

એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા -	માન્ય કરી નથી
પૂના યુનિવર્સિટી -	જુન ૧૯૬૪ સુધી માન્ય કરી છે
મુંબઇ યુનવર્સિટી -	માન્ય કરી નથી
નાગપુર યુનિવર્સિટી -	એમ.એ. ઇકોનોમિકસ અને એલ.એલ.બી. માં દાખલ થવા માટે માન્ય કરી છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે અલિગઢની મુસ્લીમ યુનિવર્સિટીની બી.કૉમ પરીક્ષા ફસ્ટ એલએલ બી. માં દાખલ થવા માટે માન્ય કરવી.

૬. પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢના રજિસ્ટ્રાર તરફથી આવેલ તા. ૫-૧૨-૫૬ના પત્ર નં. ૨૦૬૦૬ માં તેમની એમ.એ. પરીક્ષા માન્ય કરવા લખે છે તે અંગે વિચારણા કરવા બાબત.

Opinion of the Dean of the faculty of Arts is as under –

"The Punjab University new M.A Course comprising four papers Part I and four papes Part II can be considered equivalent to the M.A. examination of the Gujarat University.

However, after looking into some of those courses of the different Universities in our country, I am personally inclined to think that they have been planned more or less on the same basis as those of the Universities of the Bombay State. In view of this, when there is a request for recognising some of these examinations, the main point for our University to see is whether this can be done on a reciprocal basis. If it can be so done, there should be no difficulty in recognising most of these examinations as equivalent to course

Further, these examinations may be considered equivalent to ours for students who migrate, not for would be teachers who want to be appointed in college affiliated to our University.

સ્ટેટ યુનિવર્સિટીઓમાં પૂછાવતાં નીચે મુજબ જવાબો આવેલા છે:

૧.	પૂના યુનિવર્સિટી	માન્ય કરી છે
૨.	બરોડા યુનિવર્સિટી	માન્ય કરી છે
૩	નાગપુર યુનિવર્સિટી	આર્ટ્સ ફેકલ્ટીમાં પીએચ.ડી કરવા માટે એમ.એ. માન્ય કરી છે.
૪.	મુંબઇ યુનિવર્સિટી	માન્ય કરી નથી.

આથી આ કમિટી અકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પંજાબ યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષા આ યુનિવર્સિટીના એમ.એ. તુલ્ય માન્ય કરવી.

૭. શ્રી જ્યાનચંદ જૈન તેમના તા. ૨૬-૨-૫૭ના પત્રમાં એલએલ.બી માં દાખલ થવા માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપવા વિનંતી કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- શ્રી. જ્યાનચંદ જૈને રાજપુતાના યુનિવર્સિટીની બી.કૉમ પરીક્ષા પાસ કરી છે. તા. ૧૯-૧૨ ૫૬ના રોજ મળેલી ઇક્વીવેલેન્સ કમિટીના ઠરાવ નં. ૬ અનુસાર આવાજ એક વિદ્યાર્થીને ફર્સ્ટ એલએ.બા. માં દાખલ થવા માટે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું હતું. તેથી ઉપર્યુક્ત વિદ્યાર્થીને પણ તેમના જોખમે કામચલાઉ પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ આપ્યું છે.

મુંબઇ યુનિવર્સિટીએ તમામ સ્ટેટ્યુટરી યુનિવર્સિટીઝની બી.કૉમ. પરીક્ષા ફર્સ્ટ એલએલ.બી. માં દાખલ થવા માટે માન્ય કરી છે તો તે મુજબ આપણે કરવું કે કેમ ?

આથી આ કમિટી ઠરાવે છે કે વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૮. નાગપુર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૬-૫-૫૭ના પત્ર નં. જીએ-૮-૫૭-૩૬૩૫ માં લખી જણાવે છે કે તેમની યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની બી.કૉમ. ની પરીક્ષા ફર્સ્ટ એલએલ.બી. માં દાખલ થવા માટે અરસપરસના ધોરણે માન્ય કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પત્રની નોંધ લેવી.

૯. આપણી યુનિવર્સિટીના રે. ૭ મુજબ દિલ્હી યુનિવર્સિટીની કવેાલીફાઇંગ એકઝામીનેશન ૧૯૫૩ સુધી ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ફર્સ્ટ ઇયર સાયન્સ તુલ્ય માન્ય કરી હતી. પરંતુ દિલ્હી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૨૯-૧-૫૭ના પત્રાંક નં. સી-૬-ગુજરાત-૫૭-૩૨૩૧૪ માં લખી જણાવે છે કે સદરહુ પરીક્ષા ૧૯૬૧ સુધી લેવાની હોવાથી તે સાલ સુધી રેકગ્નીઝન ચાલુ રાખવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Arts opines as under :-

"The Qualifying examination of the Delhi University seems to be equivalent to our F.Y. Arts and Science Examination."

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓને પૂછાવતાં તેમના તરફથી નીચે મુજબ જવાબ આવ્યા છેઃ

૧. નાગપુર યુનિવર્સિટી - કાયમ માટે ફર્સ્ટ ઇયર પરીક્ષા તુલ્ય માન્ય કરી છે.

૨. બરોડા યુનિવર્સિટી - ફર્સ્ટ ઇયર પરીક્ષા તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરી છે પરંતુ પ્રવેશ આપતાં પહેલાં યુનિ. ટેસ્ટ એકઝામીન લે છે.

૩. મુંબઇ યુનિવર્સિટી - ૧૯૫૬ના જુન સુધી ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને સાયન્સ તુલ્ય માન્ય કરી છે. રેકગ્નીઝન ચાલુ રાખવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.

૪. પૂના યુનિવર્સિટી - માન્યતાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.

નોંધઃ- દિલ્હી યુનિ. ના રજિસ્ટ્રાર લખી જણાવે છે કે ૧૯૫૩ પછી કવેાલીફાઇંગ એકઝામિનેશનના અભ્યાસક્રમમાં ફેરફાર થયો નથી.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે દિલ્હી યુનિવર્સિટીની કવેાલીફાઇંગ પરીક્ષાને આ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયરની પરીક્ષા તુલ્ય ૧૯૬૧ સુધી માન્ય કરવી.

૧૮/૧૯-૭-૧૯૫૭

૧૦. ત્રાવણકોર યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ પરીક્ષા તેમજ વિવિધ ઇન્ટરમિડિએટ બૉર્ડઝની હાઇસ્કૂલ પરીક્ષા માન્ય કરી છે તેમાં કેટલાક ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- ૧. ત્રાવણકોર યુનિવર્સિટી ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ પરીક્ષા ભેગી લે છે. તેવીજ રીતે મદ્રાસ અને અન્નામલાઇ યુનિવર્સિટીઓ પણ ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ પરીક્ષા ભેગી લે છે. મદ્રાસ અને અન્નામલાઇ યુનિવર્સિટીની ઇન્ટરમિડિએટ પરીક્ષાની માન્યતા માટે આપણા રે. ૭ મુજબ નીચેની શરત મૂકી છે:

"If passed in Arts subject=Inter Arts,

If passed in Science subjects=Inter Science.

Arts subjects means 1. Logic, 2. Indian History, 3. Ancient History, 4. Modern History, 5. 3rd Language, 6 Economic History of England and Economic Geography, 7. Geography, 8. Mathematics.

Science subjects Means:- 1. Mathematics, 2. Physics, 3. Chemistry & 4. Natural Science.

ઉપર્યુક્ત શરત ત્રાવણકોર યુનિવર્સિટીની ઇન્ટરમિડિએટ પરીક્ષાને લાગુ પાડવી કે કેમ તે નક્કી કરવાનું છે.

(2) રે. ૬ નીચે મુજબ છે:

"The Matriculation or Entrance Examination conducted and controlled directly by every Statutory Indian University will be deemed equivalent to S.Sc. Examination, Poona, if passed with at least 35% marks in each of the following subjects viz. English, An additional Language, Mathematics, History or Geography and one other subject or if passed in five or more heads of passing in the first or second division through a school recognised by the University.

Even according to our St. 173 old and revised, the candidates are required to pass in seven subjects, out of which five are compulsory.

According to our R 7 High School Examinations of Statutory Indian Boards are recognised if passed with 35% marks in each subject or if passed in first or second divison.

ઉપરના હકીકત ધ્યાનમાં લઇ આપણા રે. ૭ માં જરૂરી ફેરફાર કરવા કે નહિ તે નક્કી કરવાનું છે.

૧. આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મદ્રાસ અને અન્નામલાઇ યુનિવર્સિટીના ઇન્ટરમિડિએટ આર્ટ્સ અને સાયન્સ પરીક્ષા જે શરતોએ માન્ય કરી છે તે શરતો ત્રાવણકોર યુનિવર્સિટીની ઇન્ટરમિડિએટ પરીક્ષાને લાગુ પાડવી.

૨. રે. ૬ અને ૭ સુધારવા અંગે રજિસ્ટ્રારે યોગ્ય તપાસ કરી રિપોર્ટ કરવો.

૧૧. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના રજિસ્ટ્રાર તરફથી આવેલ પત્ર નં. એસી. ૩૩૬૩ તા. ૨૦-૪-૫૭ માં તેમની યુનિવર્સિટીની માસ્ટર ઑફ સોશિયલ વર્કની પરીક્ષા માન્ય કરવા વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Arts including Education opines as under:-

"M.S.W. degree may be considered equivalent to our M.B. with 'Sociology.''

મુંબઈ રાજ્યની કોઇપણ યુનિવર્સિટીએ આ પરીક્ષા માન્ય કરેલ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૨. કલકત્તા યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Medicine opines as under:-

"The examinations and the syllabus for the course of M.B.B.S. are identical with ours. We should grant equivalence to the degree examinations of the Clacutta University on a reciprocal basis."

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓ તરફથી નીચે મુજબ જવાબ આવ્યા છે.

૧. બરોડા યુનિવર્સિટી - માન્ય કરી છે.
૨. મુંબઇ યુનિવર્સિટી - માન્ય કરી છે.
૩. પૂના યુનિવર્સિટી - માન્ય કરી નથી.
૪. નાગપુર યુનિવર્સિટી - વિચારણા હેઠળ છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે કલકત્તા યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. પરીક્ષા આ યુનિવર્સિટીના એમ.બી.બી.એસ. તુલ્ય અરસપરસના ધોરણે માન્ય કરવી.

૧૩. ડિરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસીઝ, ન્યુ દિલ્હી તેમના તા. ૨૮-૧-૫૭ ના પત્રાંક નંબર ૪૫-૪૬-૫૬ એમ.આઇ. માં સુવાની સેન્ટ્રલ મેડિકલ સ્કૂલમાં અભ્યાસ કરતા ફીજી ઇન્ડિયન વિદ્યાર્થીઓને મેડિકલ કૉલેજમાં પ્રવેશ આપવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

Dean of the Faculty of Medicine opines as under –

"The students after passing senior Cambridge enter the Medical School at Suva. This in inself is not consistent with our requirements. The student does only one year of Science. If he does two years of Science after senior Cambridge examination, our University may give equivalence for admission to a Medical college. Under the circumstance prevailing now, in my opinion it cannot be done.'

આથી આ કમિટી અૅકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ફીજી ઇન્ડિયન વિદ્યાર્થીઓ સિનિયર કેમ્બ્રીજ સ્કૂલ સર્ટિફીકેટ પરીક્ષા પાસ કર્યા પછી બે વર્ષ સુધી વિજ્ઞાન અગર સુવાની સેન્ટ્રલ મેડિકલ સ્કૂલમાં અભ્યાસ સંપૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર લાવે તો તેમને અત્રેની મેડિકલ કૉલેજમાં દાખલ થવા લાયક ગણવા.

૧૪. ફૅકલ્ટી ઑફ આર્ટસના ડીને તેમના તા. ૨૩-૧૨-૫૬ના પત્રાંક યુજ-૪૮-૨-૫૬માં કરેલા નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

"I do not feel competent to add any special remarks to what Principal Patel has said but it seems to me that in general when we disagree with another University regarding any course of studies it would be desirable to indicate briefly why we disagree and which part of the syllabus we would require to be modified in order that we may recognise their degree as equivalent. To my mind, the object should be to help different Universities to come upto a uniform standard of excellence rather than merely saying that we do not agree"

આથી ઠરાવવામાં આવે છે કે કોઈપણ પરીક્ષા માન્ય કરવા માટે આવેલા અભ્યાસક્રમ તથા પાસ થવાનું ધોરણ આપણા નિયમોની સરખામણીમાં કેટલા અંશે બરોબર નથી તે અંગે જે ફૅકલ્ટીના ડીને દુંકમાં કારણો આપવા અને લાગતીવળગતી યુનિવર્સિટી અગર બૉર્ડ માગે તો તે તેમને આપવી.

૧૫. સાહિત્યરત્ન પ્રયાગ પરીક્ષાને એમ.એ. સમાન ગણી શિક્ષકની નિમણૂક માટે લાયક ગણવા શ્રી. કેશવલાલ વિ. શાસ્ત્રીના તરફથી આવેલા તા. ૧૫-૩-૫૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

મુંબઇ રાજ્યની યુનિવર્સિટીઓને પૂછાવતાં તેમના તરફથી આવેલા જવાબ નીચે પ્રમાણે છે:

મુંબઈ યુનિવર્સિટી	માન્ય કરી નથી
પૂના યુનિવર્સિટી	માન્ય કરી નથી
બરોડા યુનિવર્સિટી	માન્ય કરી નથી
નાગપુર યુનિવર્સિટી	માન્ય કરી નથી

આથી ઠરાવવામાં આવે છે કે પ્રયાગની સાહિત્ય રત્ન પરીક્ષાને આ યુનિવર્સિટીની એમ.એ. તુલ્ય માન્ય કરવી નહિ.

૧૬. રાજપુતાના યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તેમના તા. ૧૮-૩-૫૭ના પત્રાંક નં. ૧૬૪૧૦માં તેમની બી.કૉમ. પરીક્ષા બીનશરતે માન્ય કરવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- તા. ૧૯-૧૨-૫૬ના રોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટી ઑન ઈકવીવેલેન્સ ઑફ એકઝામીનેશન્સની સભામાં રાજપુતાના યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા નીચેની શરતોએ માન્ય કરી હતી.

